# પ્રકરણ ૨ :

## સ્વતંત્રતા પહેલાની ગુજરાતી નવલકથામાં સ્વપ્નવાસ્તવ

૨.૧ ‘સરસ્વતીચંદ્ર’ : સ્વપ્નવાસ્તવનું નિરૂપણ
૨.૨ ‘સાચાં સમણાં’ : સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

ગુજરાતી સાહિત્યમાં વિષય અને સ્વરૂપના પરિવર્તન મુજબ આપણે મધ્યકાળ અને અર્વાચીનકાળ એવા એ ભાગ પાડીએ છીએ. અર્વાચીનયુગમાં પણ આધુનિક એટલે કે સ્વતંત્રતા પછી અને એ પૂર્વેના સાહિત્યમાં આવેલ વિષય અભિવ્યક્તિની રીતે બે ભાગ જોઈ શકાય છે. સ્વતંત્રતા પૂર્વે આપણને જે સાહિત્ય મળે છે તેમાં અને આધુનિક સાહિત્યમાં અભિવ્યક્તિની અલગ તરેહો જોવા મળે છે. આ તરેહોને નવલકથામાં પણ જોઈ શકાય. સ્વતંત્રતા પૂર્વે આપણને ઐતિહાસિક અને સામાજિક વિષયવસ્તુવાળી નવલકથાઓ પ્રાપ્ત થાય છે. આ નવલકથામાં ઘટનાની સાંકળ હોય છે. જે પરંપરાગત કથન પ્રયુક્તિ દ્વારા રૈખિક ગતિએ રજૂ થતી.

ગુજરાતી સાહિત્યને તેની પ્રથમ મૌલિક નવલકથા તરીકે નંદશંકર મહેતા પાસેથી ‘કરણઘેલો’ મળે છે. જે ઐતિહાસિક વિષય અને ઘટનાને રજૂ કરે છે. ત્યારબાદ મહિપતરામ નીલકંઠ પાસેથી ‘વનરાજ ચાવડો’, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ પાસેથી ‘ગંગા અને ગુર્જર વાર્તા’, તાલ્યાખાન પાસેથી ‘મુન્દ્રા અને કુલીન’, અરદેસર કુંવરજી પાસેથી ‘ટીપુ સુલતાન’, કૃષ્ણલાલ ઝવેરી પાસેથી ‘ઔરંગઝેબ અને રજપૂતો’ મણીલાલ દ્વિવેદી પાસેથી ‘ગુલાબસિંહ’ મળે છે આ નવલકથાઓ ઐતિહાસિક નવલકથાઓ છે.

અર્વાચીન નવલકથાના મંડાણ ભલે ઐતિહાસિક નવલકથાથી થયા પણ ટૂંકા ગાળામાં જ ગુજરાતી નવલકથા તેના સામાજિક પરિવેશમાં ઢળવા લાગી. મહિપતરામ નીલકંઠ કૃત ‘સાસુ વહુની લઢાઈ’ ગુજરાતી સાહિત્યની પ્રથમ સામાજિક નવલ ગણાય છે. આ પછી મુનશી ફરી ગુજરાતના ઇતિહાસને નવલકથાના પાના પર સજીવન કરે છે. રમણભાઈ નીલકંઠ પાસેથી આ પ્રવાહથી અલગ ‘ભદ્રંભદ્ર’ જેવી હાસ્ય નવલ પણ મળે છે. ર. વ. દેસાઈ તેમના સમયમાં સૌથી લોકપ્રિય નવલકથાકાર તરીકે પ્રસ્થાપિત થાય છે. તો ગુણવંતરાય આચાર્ય સાગર કથાઓ દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરે છે.

પન્નાલાલ પટેલ, ચુનીલાલ મડિયા અને ઈશ્વર પેટલીકર જેવા સર્જકો તળ ગ્રામીણ પ્રદેશને મુખ્ય કથામાં સ્થાન આપી નવલકથામાં ધરતીના ધબકારને જોડે છે અને ગુજરાતી નવલકથામાં જાનપદી નવલકથાની નોખી ભાત ઉપસે છે. ‘દર્શક’ની નવલકથામાં ગણરાજ્ય અને ગ્રીક સંસ્કૃતિના માધ્યમે ચિંતનના અંશો જોવા મળે છે. તો જયંતી દલાલમાં સ્વતંત્રતા ચળવળની ઝલક જોવા મળે છે.

આમ, નવલકથામાં આ આઠ દાયકામાં વિવિધ વિષયો સર્જક કલમે શાહી બની ઉતરે છે. અહિ વ્યક્તિ કરતા ઘટના મહત્ત્વની છે. કોઈ એક ઘટનાને કેન્દ્રમાં રાખી સર્જક તેની આસપાસ બીજી ઘટનાઓના તાણાવાણા ગૂંથે છે. સ્વતંત્રતા પૂર્વેની નવલકથામાં માત્ર વિષયની દષ્ટિએ પરિવર્તનો થયેલ જોવા મળે છે. પરંતુ નવલકથાના અન્ય ઘટકત ત્ત્વોના પ્રયોગો આ સમયગાળામાં ભાગ્યે જ જોવા મળે છે.

સ્વતંત્રતા પૂર્વેની નવલકથામાં જો સ્વપ્નવાસ્તવ પ્રયુક્તિ શોધવા જઈએ તો ગોવર્ધનરામ ત્રિપાઠી પાસેથી મળતી 'સરસ્વતીચંદ્ર' અને પન્નાલાલ પાસેથી મળતી 'સાંચા સમણાં' જેવી નવલકથામાં એ મળે છે. આ નવલકથામાં સ્વપ્નવાસ્તવ ટેક્નિકનો સર્જક કેવી રીતે વિનિયોગ કરે છે અને તે આ નવલકથાઓને ઉપકારક રહે છે કે નહિ તે તપાસવાનો આ પ્રકરણનો ઉપક્રમ છે.

## ❖ ૨.૧ 'સરસ્વતીચંદ્ર' : સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ઈ.સ. ૧૮૮૫થી ઈ.સ. ૧૯૨૦ સુધીના સાડા ત્રણ દાયકાને આપણે પંડિતયુગ, સાક્ષરયુગ કે ગોવર્ધનયુગના નામે ઓળખીએ છીએ. પંડિતયુગ અને સાક્ષરયુગ એ બંને આ સમયની ગુણલક્ષી સંજ્ઞાઓ છે જ્યારે ગોવર્ધનયુગ એ નામાભિધાન સીધી રીતે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના નામ સાથે જોડાયેલ છે. એ માટેનું સૌથી મોટું કારણ તેમણે લખેલી 'સરસ્વતીચંદ્ર' નામની મહાનવલ છે. આ નવલકથા સિવાય તેમની પાસેથી 'સ્નેહમુદ્રા', 'લીલાવતી જીવનકલા', 'નવલગ્રંથાવલિ', 'દયારામનો અક્ષરદેહ', 'સમાલોચક' , 'સાક્ષરજીવન, 'અધ્યાત્મજીવન' અંને 'સ્ક્રેપબુક' જેવી ગુજરાતી સાહિત્ય કૃતિઓ સિવાય સંસ્કૃત ભાષામાં લખાયેલી કેટલીક સાહિત્ય કૃતિઓ આપણને મળે છે. તેમ છતાં ગોવર્ધનરામ ગુજરાતી સાહિત્યમાં 'સરસ્વતીચંદ્ર' મહાનવલના સર્જક તરીકે જ મોટા ભાગે ઓળખાય છે.

૨૦મી ઓક્ટોબર ૧૮૫૫ને વિજયાદશમીના દિવસે ગુજરાતના નડિયાદ મુકામે માધવરામ ત્રિપાઠીના ઘરે શિવકાશીના કૂખેથી ગોવર્ધનરામનો જન્મ થયો હતો. મોટાભાગે તેમનો ઉછેર મુંબઈમાં થયો. મુંબઈમાં જ તેમણે પ્રાથમિક શિક્ષણ લેવાનું શરૂ કર્યું અને બુદ્ધિવર્ધક સભાસંચાલિત

શાળામાં ૧૮૬૫માં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી ત્રણ વર્ષ નડિયાદમાં અંગ્રેજી શાળામાં ભણ્યા. ફરી પાછા મુંબઈ જઈ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાંથી ૧૯૭૧ના વર્ષે મેટ્રિક પાસ કર્યું. ૧૮૭૫માં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી જ તેઓ સ્નાતક થયા. કોલેજમાં પીટર્સન, વર્ડ્ઝવર્થ અને રામકૃષ્ણ ભાંડારકર જેવા ઉત્તર અધ્યાપકો પાસે તેઓ ભણ્યા. અભ્યાસ ચાલુ હતું તેવામાં તેર વર્ષની ઉંમરે હરિલક્ષ્મી સાથે તેમનાં લગ્ન થાય છે. પણ હરિલક્ષ્મીનો સાથ વધારે વખત તેમને મળતો નથી કારણ કે ૧૮૭૪માં સુવાવડમાં હરિલક્ષ્મીનું અવસાન થાય છે.

પ્રેમાનંદે જેમ સંકલ્પ કરી પાઘડી ન પહેરવાનું નક્કી કર્યું હતું તેમ ગોવર્ધનરામે પણ કોલેજકાળમાં ત્રણ સંકલ્પ કર્યા હતાઃ ૧. એલ.એલ.બી.ની પરીક્ષા પાસ કરીને મુંબઈમાં વકીલાતનો સ્વતંત્ર ધંધો માંડવો; ૨. કદી કોઈની નોકરી કરવી નહીં; ૩. લગભગ ચાળીસમે વર્ષે ધંધામાંથી નિવૃત્ત થઈને બાકીની જિંદગી સાહિત્યની સેવામાં અને સાહિત્ય દ્વારા જનસેવામાં ગુજારવી. અહીંથી જ ગોવર્ધનરામની ખરી કસોટી થાય છે. આર્થિક સંકળામણ અને વારંવાર માંદગીના લીધે ફરજિયાત પણે નોકરી શીખવા સ્વીકારવા સિવાય બીજો કોઈ માર્ગ તેમની પાસે રહેતો રહેતો નથી. આથી અનાયાસે ૧૮૭૯થી ૧૮૮૩ એલ.એલ.બી.નો અભ્યાસ ચાલે છે ત્યાં સુધી ભાવનગરના દીવાન શામળદાસના અંગત સેક્રેટરી તરીકે તેમને નોકરી કરવી પડે છે. ૧૮૮૩માં એલ.એલ.બી. પૂર્ણ થતાં મુંબઇ જઈ વકીલાત શરૂ કરે છે. વકીલાતનો ધંધો સારો ચાલે છે, નામના મળે છે. પણ ત્રીજા સંકલ્પને પૂર્ણ કરવા ખાતર વકીલાત અને મુંબઈ બંને છોડી નડિયાદ પરત ફરે છે. કચ્છમાં પંદરસો રૂપિયા પગાર સાથે દીવાન બનવાનો પ્રસ્તાવ પણ તેઓ સ્વીકારતા નથી અને સાહિત્ય સેવામાં લાગી જાય છે. ૧૯૦૫માં અમદાવાદમાં આવેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલા પ્રમુખ બને છે. 'સરસ્વતીચંદ્ર' નવલકથા વિશે ધીરુભાઈ ઠાકરનો વિધાન તેમની મહાનતાને ઉજાગર કરે છે કે "ગુજરાતી સાહિત્ય અને સમાજ ઉપર 'સરસ્વતીચંદ્ર' જેટલી ઉંડી અને ચિરસ્થાયી અસર પાડનાર નવલકથા હજી જન્મી નથી." (ગુજરાતી સાહિત્યની વિકાસરેખા ભાગ-૩, ધીરુભાઈ ઠાકર, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ, ૧૩મી આવૃત્તિઃજુલાઈ ૨૦૧૧, પાના નં. ૧૭)

સ્વતંત્રતા પૂર્વેની નવલકથાઓમાં ઐતિહાસિક અને સામાજિક પરિવેશ કેન્દ્રમાં હતો. ક્યાંક આ પરિવેશ સાથે મનોવિજ્ઞાન પણ ભળતું પરંતુ અનાયાસ જ. જેમાં 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં

રજૂ થયેલ સ્વપ્નને પ્રારંભિક કાળમાં સ્વપ્ન પ્રયુક્તિ તરીકે તપાસવું આવશ્યક બને છે. ગુજરાતી ભાષાનો ભાગ્યે જ કોઈ ભાવક હશે જે 'સરસ્વતીચંદ્ર' નવલકથાથી અજાણ હશે. વિવેચકોએ તેને મહાનવલ, મહાકાવ્ય, પુરાણ, સકળકથા જેવી ઉપમાઓ આપી છે અને તેના સર્જક ગોવર્ધનરામને પ્રબોધમૂર્તિ કહીને ઓળખાવ્યા છે. આવી ગુજરાતી ભાષાની 'શાકુન્તલમ્' સમી કૃતિને તેમાં નિરુપાયેલ સ્વપ્નપ્રયુક્તિને આધારે મૂલવવાનો પ્રયાસ છે.

'સરસ્વતીચંદ્ર' નવલકથાની પાશ્વભૂ ૧૯મી સદીની છે. તેનો પ્રથમ ભાગ ૧૮૮૭માં પ્રગટ થાય છે જ્યારે તેનો અંતિમ -ચોથો ભાગ ૧૯૦૧માં વાચક સમક્ષ આવે છે. આમ સર્જકને આપણા સુધી આ કથાને પહોંચાડવા માટે ૧૫ વર્ષ જેટલો સમય લાગ્યો છે. આ નવલકથા ચાર ખંડોમાં વિભાજીત થયેલ છેઃ (૧) બુદ્ધીધનનો કારભાર (૧૮૮૭), (૨) ગુણસુંદરીનું કુટુંબજાળ (૧૮૯૨), (૩) રત્નનગરીનું રાજ્યતંત્ર (૧૮૯૮), (૪) સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય (૧૯૦૧).

'સરસ્વતીચંદ્ર'ની કથાનો પટ એટલો વિશાળ છે કે અહિ તેના વિશે વાત કરવા જતા મારી વાત લંબાઈ જશે. વળી તેની કથા વિશે વિગતે વાત કરવા કરતા તેમાં નિરુપાયેલા સ્વપ્ન વિશે વાત કરવી વધુ યોગ્ય રહેશે. 'સરસ્વતીચંદ્ર'નો ચોથો ભાગ એટલે કે 'સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય'. આ ચોથા ભાગમાં ત્રિસ્તરીય મનોવિજ્ઞાન જોવા મળશે. પ્રથમ દષ્ટિએ જે દેખાય છે તે છે સરસ્વતીચંદ્ર અને અન્ય પાત્રોનું મનોવિજ્ઞાન. બીજું છે સામાજિક મનોવિજ્ઞાન અને ત્રીજું આ બંનેને રજૂ કરતું સર્જકનું માનસ. 'સરસ્વતીચંદ્ર' નવલકથાના દરેક ભાગમાં કોઈ વ્યક્તિ કે ઘટનાનું આધિપત્ય રહેલું છે. પ્રથમ ભાગમાં બુદ્ધિધન તો બીજા ભાગમાં ગુણસુંદરી કેન્દ્રસ્થાને છે. ત્રીજા ભાગમાં રત્નનગરી અને તેની ખટપટ કેન્દ્રસ્થાને છે તો ચોથા ભાગમાં વ્યક્તિનો સમષ્ટિમાં વિસ્તાર થયો છે. ચોથા ભાગને 'મનોરાજ્ય' શીર્ષક આપી ગોવર્ધનરામ ચેતનાના સ્તરે મુક્ત પણે વિહાર કરે છે. તેના કારણે કથાના તાતણાંઓ પણ શિથિલ બને છે. અહિ રજૂ થતા સ્વપ્નોમાં કુમુદ અને સરસ્વતીચંદ્રની મનઃસ્થિતિ કરતા તેમના દ્વારા આદર્શજીવનની છાપ પ્રસ્તુત થાય છે.

'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ એટલે 'બુદ્ધિધનનો કારભાર'. આ શીર્ષક મુજબ જ અહિ નાયક બુદ્ધિધન છે. કારભારી પદ પાછું મેળવવા અને તેને ટકાવી રાખવાની મથામણ કરતો બુદ્ધિધન અનેક સંઘર્ષમાં ઉતરે છે. પહેલા ભાગના ચોથા અને પાંચમાં પ્રકરણમાં સ્વપ્નનું વર્ણન નથી પણ માત્ર સ્વપ્નનો ઉલ્લેખ થયો છે. અજાણતા જ ભૂપસિંહ રાણી રાજબા પ્રત્યે આકર્ષાયો

હોવાથી અપરાધભાવે છે. આ અપરાધભાવના લીધે પોતાની જ પત્નીના સ્પર્શથી બચી જ્ઞાનની લાગણી અનુભવે છે ત્યારે બુદ્ધિધનનો પત્ની પ્રત્યેનો સ્નેહ સ્વપ્નમાં છતો થાય છે. આ સ્વપ્નમાં અનેક છબીઓ રાજબાના વેશમાં આવે છે. બુદ્ધિધન તે તમામને દુર ખદેડે છે. સાથે કહેતો જાય છે. તમારા જેવી અનેક રાજબા તો આ પતિવ્રતા સૌભાગ્યદેવી પર કુરબાન. આ જ રીતે સ્વપ્નો જોતો હોય તેવો ઉલ્લેખ માત્ર ફરી પણ થાય છે. અહિ નાયકનો અપરાધભાવ સ્વપ્નમાં પ્રગટે છે. આ સિવાય તેને રાજબાથી દુર રહેવાનો ભવિષ્યમાં જે નિર્ણય લેવાનો છે તેનો સંકેત પણ આ સ્વપ્ન દ્વારા મળે છે.

પ્રકરણ અઢારમાં કારભારી પદ મળ્યા પછી શઠરાય દ્વારા ઊભું કરેલ ષડ્યંત્રને મ્હાત કરી નિશ્ચિંત થઈને બુદ્ધિધન બગીચામાં આરામ કરે છે. ત્યારે સર્વ સુખો મેળવ્યા બાદ સૌભાગ્યદેવી સાથે સ્નેહ સંવાદ કરતું સ્વપ્ન નિહાળે છે. પોતાને મળેલ કારભારીના પદને નિષ્ઠાપૂર્વક નિભાવવાની સ્વપ્નમાં જ પ્રતિજ્ઞા કરે છે. અહિ અનેક ખટપટને અંતે પોતે ધારેલ કાર્ય સિદ્ધ થયું હોય બુદ્ધિધન નિશ્ચિંત થયો હોય તે જ ભાવ સ્વપ્નમાં પ્રગટ થાય છે.

પ્રથમ ભાગના અંતમાં સરસ્વતીચંદ્ર સુવર્ણપુર છોડીને નીકળી જાય છે ત્યારે કુમુદ જાણે તેની પાછળ દોડતી આવે છે તેવો ચંદ્રને ભાસ થાય છે. થોડી થોડી વારે તેને કુમુદ વિશેના સ્વપ્નો આવે છે તેવો સર્જક ઉલ્લેખ કરે છે પરંતુ સ્વપ્નનું સંપૂર્ણ વર્ણન જોવા મળતું નથી. આ સ્વપ્નમાં ચંદ્રનો અપરાધભાવ પ્રગટ થાય છે. કુમુદની સ્થિતિથી તે માહિતગાર થયો હોવાથી તેના દુ:ખ માટે પોતે જ જવાબદાર છે તે જાણે છે. જો કુમુદ આવીને કોઈ પ્રશ્ન કરે તો તેના જવાબ સરસ્વતીચંદ્ર પાસે નથી જ એટલે તે જેનાથી ભાગી રહ્યો હોય છે તે જ બાબત તેના સ્વપ્નમાં પ્રગટ થાય છે.

બીજા ભાગના સાતમાં પ્રકરણમાં બહારવટીયા અને લુંટારાઓ દ્વારા ઘાયલ થયેલ ચંદ્ર જંગલમાં અર્ધચેતન અવસ્થામાં પડ્યો હોય છે ત્યારે તેને કોઈ અચિંત્ય સ્વપ્ન આવવાનો ઉલ્લેખ સર્જક કરે છે. આસપાસની ડરામણી સૃષ્ટિ તેના સ્વપ્નને વધુ ડરામણું બનાવે છે. અહિ સ્વપ્નનો બોધનભ્રમ સિદ્ધાંત કાર્ય કરે છે. જંગલમાં રહેલ જંગલી પશુઓના અવાજ, ભેંકાર રાત્રી અને શરીરની અસ્વસ્થ સ્થિતિ આ બધી જ બાબતો સ્વપ્નમાં ભયનું વાતાવરણ ઊભું કરે છે. જેના પરિણામ સ્વરૂપે કાળરાત્રીના ઘોર 'ભયભૈરવ'નું ઉગ્ર સ્વપ્ન જૂએ છે.

ત્રીજા ભાગનું છઠ્ઠું પ્રકરણ અડધું સંસ્કૃત ભાષામાં છે. જેને સર્જક 'લક્ષ્યાલક્ષ્યરહસ્યવિવરણ' કહે છે. આ પ્રકરણનો બાકીનો ભાગ સરસ્વતીચંદ્રના સ્વપ્નમાં પૂર્ણ થાય છે. પુસ્તક વાંચી ચંદ્ર સુતો હોય છે ત્યારે સ્વપ્નમાં કુમુદ તેની પાસે બેઠેલી જણાય છે. ચંદ્ર તેને અલખરહસ્યના શ્લોક સમજાવવા લાગે છે. કુમુદ તે સાંભળવા લાગે છે અને તે અંતર્ગત પ્રશ્નો પૂછતી જાય છે. જેનું ચંદ્ર સમાધાન કરતો જાય છે. સ્વપ્ન સુંદરી એટલે કુમુદ અચાનક ઉડવા લાગે છે અને મોહ, માયા, જ્ઞાન, પ્રીત વગેરે બાબતોને વણી લેતી કવિતા ગાવા લાગે છે. ચંદ્ર તેને કાવ્યમાં જ જવાબ આપે છે.

સરસ્વતીચંદ્ર જાગીને પોતે નિહાળેલ સ્વપ્ન વિશે વિચારવા લાગે છે. ફરી તેની આંખો ઢળી પડે છે. અત્યાર સુધી તેને સ્વપ્ન માત્ર દેખાતું હતું જે હવે દેખાતું બંધ થઈ કાનથી સંભળાવા લાગે છે. અહિ તેને સંસ્કૃત શ્લોક સંભળાય છે. જેમાં મિત્ર ચંદ્રકાન્તનો ઉલ્લેખ આવે છે. આ સ્વપ્નમાં જ આગળ ચંદ્ર સુંદરગીરીમાં ઉડવા લાગે છે. ચંદ્રકાંત તેને બે હાથે જાલી લે છે. તો કુમુદ તેના પગ પકડી લે છે. ત્રણેય જણ આ રીતે વળગી સુંદર ગાન કરતા ઉડવા લાગે છે. સરસ્વતીચંદ્રને જે બે વ્યક્તિ પ્રત્યે મમતા હોય છે તે આ બંને વ્યક્તિ અહિ તેના સ્વપ્નમાં પ્રગટ થાય છે. ચંદ્ર હવે સર્વ મોહ ત્યજી સાધુ જીવન તરફ પ્રયાણ કરી રહ્યો છે ત્યારે આ બંને તેને રોકી રહેલ પાત્રો તેને સ્વપ્નમાં નજર આવે છે. ચંદ્ર જે ગ્રંથ વાંચતો હતો તેના પ્રભાવમાં આ સ્વપ્ન જોઈ રહ્યો હોય તેવી સંભાવના પણ નકારી શકાય નહિ. આ સ્વપ્ન તેના દૈહિક સબંધોથી મુક્તિનું પ્રથમ પગથીયું બને છે.

'સરસ્વતીચંદ્ર'માં પ્રથમ અને બીજા ભાગમાં અનેક જગ્યાએ સ્વપ્નના ઉલ્લેખો મળે છે પરંતુ કથામાં જેના વિશે વિસ્તારથી વર્ણન મળે છે તેવા સ્વપ્ન ત્રીજા અને ચોથા પ્રકરણમાં મળે છે. આમ ધીરે ધીરે આ કથામાં સ્વપ્નોનો પણ વિકાસ થયો છે. પ્રથમ માત્ર ઉલ્લેખ અને છેલ્લે ચોથા ભાગમાં બે પ્રકરણ જેટલું લાંબુ સ્વપ્ન રજૂ થાય છે. આ સ્વપ્નોને રજૂ કરવા માટે પણ સ્થૂળથી સુક્ષ્મ તરફ સર્જકે ગતિ કરી છે.

કુમુદ અને સરસ્વતીચંદ્ર બંને સમય અને સંજોગોને કારણે મળ્યાં છૂટા પડ્યાં અને ફરી મળ્યાં અને વિખુટા પડી આજે સૌમન્સ્ય ગુફામાં ફરી મળ્યા છે, અહિ હવે તેમને અલગ કરનારું

કોઈ પરિબળ નથી. પ્રમાદધન મૃત્યુ પામ્યો છે. જો બંને ઈચ્છે તો સાથે જીવન વિતાવવાનો નિર્ણય લઇ શકે એમ છે. પરંતુ અહિ સર્જકની કલાકારી કોઈ અલગ જ રસ્તે ચાલે છે.

સૌમનસ્ય ગુફામાં સરસ્વતીચંદ્ર અને કુમુદ વર્ષો પછી મળે છે ત્યારે બંનેને ભારતના ઉદ્ધારના દ્વાર ચીન્ધતું મહાસ્વપ્ન આવે છે. 'સરસ્વતીચંદ્ર'માં પ્રકરણ ૩૦ 'સિદ્ધલોકમાં યાત્રા ને સિદ્ધાંગનાઓનો પ્રસાદ; અથવા શુદ્ધ પ્રીતિની સિદ્ધિનું સંગત સ્વપ્ન', પ્રકરણ ૩૧ 'પિતામહપુરમાં આર્યસંસારનાં પ્રતિબિમ્બ અને પ્રીતિની મણિમય સામગ્રીના સંપ્રસાદ', પ્રકરણ ૩૪ 'અર્જુનનો વાયુરથ અને દાવાનળ' અને પ્રકરણ ૩૫ 'કુરૂક્ષેત્રના ચિરંજીવો અને ભારતવર્ષનું ભવિષ્ય' એમ ચાર પ્રકરણમાં ભવ્ય ભારતનું સ્વપ્ન રજૂ થયું છે. સૌમનસ્ય ગુફામાં સરસ્વતીચંદ્ર અને કુમુદ વિશ્રામ કરતા હોય છે ત્યારે બંનેને સયુક્ત રીતે સ્વપ્ન લોકમાં વિહાર કરવા કથક મોકલે છેઃ 'નિદ્રા જાગતી હતી અને પોતાને વશ થયેલાં હૃદયમાં સ્વપ્નની સમગ્રી ભરતી હતી.' (પાના નં. ૪૩૦)

આ સ્વપ્નમાં સૌપ્રથમ કુમુદના સાસુ સ્ફટીકમય સૌભાગ્યદેવીના સ્વરૂપમાં પ્રગટ થાય છે. આ સૌભાગ્યદેવી કુમુદને તેના દૈહિક બંધનોથી મુક્ત કરતા કહે છે કેઃ 'બેટા, મારો પુત્ર તારો અધિકારી ન હતો. તારો અધિકારી આ તારી પાછળ છે તેની સાથે જ તું વરેલી છે....મારો પુત્ર તે તારો પતિ નથી.' (પાના નં. ૪૩૩) એમ કહી સરસ્વતીચંદ્ર અને કુમુદને દિવ્યહૃદય ગ્રહણ કરાવે છે અને દિવ્યતેજની છેડાછેડી બાંધીને કહે છે કેઃ 'હું પ્રમાદધનની માતા તે પ્રમાદધનના આતિથેયમાંથી કુમુદસુંદરીને મુક્ત કરી તેમના શુદ્ધ પતિ જોડે તેમનો નિયોગ કરું છું અને સિદ્ધલોકમાં ચડવાનાં એ દંપતીને અધિકારી કરું છું.' (પાના નં. ૪૩૪) આમ કહી સિદ્ધલોકમાં જવા પેરે છે. સિદ્ધલોકમાં એટલે કે પિતામહપૂરમાં આગળ જતાં તેમને સરસ્વતીચંદ્રની માતાનો ભેટો થશે તેમ પણ જણાવે છે. સાથે કુમુદને કહે છે કેઃ 'હું તમારી સાસુ નથી; તમારી શુદ્ધ સાસુ હવે તમને મળશે.' (પાના નં. ૪૩૫) આટલું કહી અદશ્ય થઈ જાય છે. આગળ, બુદ્ધીધનની છાયા આકાશમાં તરતી દેખાય છે. થોડીવારમાં તે પણ અદશ્ય થઈ જાય છે. થોડીવાર કુમુદ અને સરસ્વતીચંદ્ર આ બધું જ જોઈ રહે છે તેમને કોઈ અદશ્ય રૂપે ઉપર ખેંચી જાય છે. ત્યાં વાદળો વચ્ચે તેમને ચંદ્રલક્ષ્મીનો ભેટો થાય છે. જે સરસ્વતીચંદ્ર તથા કુમુદને પુત્ર અને વહુ કહીને સંબોધે છે. ચંદ્રલક્ષ્મી પણ બન્ને ને પિતામહપુર તરફ જવા જણાવે છે. વધુમાં તે પિતામહપુર વિશે વિગત આપતા કહે છે કેઃ 'પિતામહપુરના

કેટલાક ભાગમાં, તેજના જાળાં પેઠે બાઝેલાં છે; એ જાળામાં વચ્ચે વચ્ચે કેટલાંક સ્થાને મોટા મોટા માટીના રાફડા બાઝેલા છે ને રાફડાના અંદરના ભાગમાં અનેક સૃષ્ટીઓ છે. (પાના નં. ૪૩૬) આ રાફડાને ખોદવા ચંદ્રલક્ષ્મી એક દિવ્ય પાવડો આપે છે અને ભોંયરામાં ઊતરવા માટે એક દિવ્ય નિસરણી આપે છે. સાથોસાથ કુમુદ અને કુમુદને નીચે ઉતરવા માટે એક એક દિવ્ય પાંખ આપે છે. આ પાંખ તેમની ઇચ્છા મુજબ વરતશે એમ પણ જણાવે છે.

ચંદ્રલક્ષ્મીને મળ્યાં પછી આગળ જતાં માર્ગમાં ધર્મલક્ષ્મીનો ભેટો થશે તેમ જણાવી ચંદ્રલક્ષ્મી અદશ્ય થઈ જાય છે. ધર્મલક્ષ્મી ચંદ્ર અને કુમુદને જ માતા અને પુત્રી તરીકે સંબોધન કરે છે. અહિ સિદ્ધલોકનું રહસ્ય જાણવા કુમુદને સ્પર્શમણિ-પારસમણિથી જડેલું મંગલસૂત્ર તથા સરસ્વતીચંદ્રને ચિંતામણીની મુદ્રા આપે છે. અહિ પ્રકરણ ૩૦ 'સિદ્ધલોકમાં યાત્રા ને સિદ્ધાંગનાઓનો પ્રસાદ; અથવા શુદ્ધ પ્રીતિની સિદ્ધિનું સંગત સ્વપ્ન' પૂર્ણ થાય છે. પ્રકરણ ૩૧ 'પિતામહપુરમાં આર્યસંસારનાં પ્રતિબિમ્બ અને પ્રીતિની મણિમય સામગ્રીના સંપ્રસાદ'ની શરૂઆતમાં ચંદ્ર અને કુમુદ પિતામહપુરના દ્વારે પહોંચી ગયા હોય છે.

પિતામહપૂરમાં સૌપ્રથમ તેમને મનુષ્યની વાણી બોલતો શ્વાન મળે છે. તે પોતાને ધર્મરાજના વારસ તરીકે ઓળખાવે છે. જે આ સિદ્ધલોક અને ગોપુરમાં દ્વારપાળ તરીકે અધર્મથી ધર્મનું રક્ષણ કરવાનું કાર્ય કરે છે. અહિ આવનારા મનુષ્યને સુંઘી લઈને તે જો સાત્વિક દષ્ટિવાળા હોય તો અક્ષત ગોપુરમાં જવા દે છે. રાજસી દષ્ટિવાળાને થોડાં ઘણાં બચકાં ભરીને જવા દે છે. જ્યારે તામસી દષ્ટિવાળાના શરીરનું ભક્ષણ કરી હાડકાં કુંડમાં નાખીને રક્ષણનું કાર્ય પૂર્ણ કરે છે. આવું કરવાનું કારણ જણાવતા શ્વાન કહે છે કે, આ કાર્યમાં માત્ર સાત્વિક દષ્ટિવાળાઓને જ પિતામહપુરનું રહસ્ય જાણે તે હેતુ રહેલો છે. ત્યારબાદ શ્વાન અને ચંદ્ર વચ્ચે રાગદ્વેષ, દેશવત્સલતા, મમતા, દેશપ્રીતિ વગેરે સંદર્ભે ચર્ચા ઉપદેશની આપ-લે થાય છે. શ્વાન ચંદ્ર અને કુમુદને સાત્વિક ગણી આગળ જવા દે છે.

ચંદ્ર અને કુમુદ આગળ વધે છે જ્યાં એક પિતામહકુંડ આવે છે. અર્ધજ્ઞાની વ્યક્તિ પૃથ્વી પર પડતા તેની શું ગતિ થાય છે તેની વાત શ્વાન કરે છે. જેમાં વર્તમાન ભારતનું પ્રતિબિંબ પ્રગટ થાય છે. આ કુંડમાં જે તેજ હોય છે તે એક રાફડામાંથી નીકળતું દેખાય છે. સરસ્વતીચંદ્ર એના માટે કહે છે કેઃ 'કુમુદ, આ રાફડાઓવાળા બેટોમાં રાફડાઓ બાઝયા છે તે પિતામહના ગંગાને

ખોળે સમાધિસ્થ થયેલા શરીર ઉપર બાઝ્યા છે ને આ તેજના ફુવારા એમના એ શરીરમાંથી ફૂટે છે' (પાના નં. ૪૪૨-૪૪૩)

પ્રથમ રાફડામાં તેમને પિતામહ ગંગામૈયાના દર્શન થાય છે. આ રાફડા આસપાસ પોપડામાં અનેક કીટકો દેખાય છે. વીસથી ત્રીસ કોટી જંતુ જેવા તે લાગે છે. આ જંતુની વચ્ચે શ્વેત પ્રકાશ દેખાય છે. ત્યાં કોતરમાં દિવ્ય નિસરણીથી ચંદ્ર અને કુમુદ નીચે ઉતરે છે. અહિ પણ જંતુઓ છે જે નાના નાના પણ મનુષ્યના આકારમાં દેખાય છે. આ દૃશ્ય જોતા જોતા બન્ને ઘણા નીચે ઉતરી જાય છે. જ્યાં આકાશને બદલે કાળીશીલાઓ હોય છે. જેમાં અસંખ્ય છિદ્રો જોવા મળે છે. આ શિલામાં વડવાઈ કે વેલાને સ્થાને નાગ અને અજગરો હીંચકતાં હોય છે. આ બધું જોઇને સરસ્વતીચંદ્ર કહે છે કેઃ 'વર્તમાન કાળના રાફડાઓમાંથી ઊતરી આપણે હવે અશોક મહારાજના પ્રાચીન આકાશમાર્ગમાં આવ્યા છીએ.' (પાના નં.૪૪૫) થોડીવારમાં ત્યાં રાતાં, પીળાં, લીલાં, કાળાં, ધોળાં નાગના કુંડાળા રચાય છે. એક વૃદ્ધ નાગ તો ચંદ્ર અને કુમુદ પર વિષ જ્વાળા પણ ફેંકે છે. થોડીવારે તે નાગ શાંત થઈને ચંદ્ર અને કુમુદ સાથે વાર્તાલાપ કરે છે. નાગ પોતાને ભારતદેશના શાસ્ત્રકારો, સ્મૃતીકારો અને પુરાણકારોનાં પ્રતિબિંબ જણાવે છે. પછી નાગ અને ચંદ્ર વચ્ચે સત્ય અને વિવિધ વૃત્તિઓ વિશે ચર્ચા થાય છે.

આ નાગ બંનેની આસપાસ વિંટળાવા લાગે છે ત્યારે કુમુદને તે નાગના મસ્તક પર મુકુટ દેખાય છે. એ પછી સ્વપનના દંપતી આગળ નાગ રત્નઢગલો થઈ ગયો અને સુંદર વાડીની રમણીય સૃષ્ટિ તેમની સામે ખડી થઈ. અચાનક વિષમય નાગસૃષ્ટિ કોમળ બાગમાં ફેરવાઈ ગઈ. કુમુદ અને સરસ્વતીચંદ્ર વચ્ચે ભારતવર્ષને વિશ્વમાં ઉન્નત થતો નિહાળે છે. આ પ્રિયદર્શન જ તેમની આ સિદ્ધલોકની યાત્રાનું સુફળ સમજે છે.

રાફડાની આસપાસની માટી દિવ્ય પાવડા દ્વારા હટાવતા તેમાં ચંદ્રને સુધારાવાળા મિત્રોના દર્શન થાય છે. અહીંથી ચંદ્ર અને કુમુદ આગળ વધે છે અને આગળ જતાં બુદ્ધિધન અને ગુણસુંદરીની છાયા મળે છે. આગળ તેમને એક ચિત્ર દેખાય છે જેમાં ગુણસુંદરીની કુટુંબઝાળ રાફડાના જંતુઓ પેઠે તરવરે છે. આગળ જયસિંહનો દરબાર, શઠરાય, ભૂપસિંહ, બુદ્ધિધનનું મંડળ કૃમીઓ રૂપે, વાદળરૂપે તરવરવા લાગે છે. બુદ્ધિધનની છાયાના હાથમાં જ જંતુ સ્વરૂપે પ્રમાદધન

દેખાય છે. જેને લઈને બુદ્ધિધન અંધકારમાં ફેંકી દે છે અને કહે છે કે, 'કુમુદસુંદરી ! તમારા શત્રુને આ શિક્ષા!' (પાના નં.૪૬૦)

આગળ સ્વપ્નમાં મેનારાણી શોકભર્યા વસ્ત્રો સાથે ચાલે છે. તેની પાછળ સિદ્ધસ્વરૂપે મલ્લરાજ મહારાજ હાથમાં કમળ રાખી ચાલે છે. થોડાં છેટે ચંદ્રલક્ષ્મી દેખાય છે. તેમના હાથમાં લક્ષ્મીનંદનની શીર્ણ થયેલ છાયા દેખાય છે. ત્યાં રાફડામાંથી વિચિત્ર ધ્વનિઓ નીકળે છે અને આકાશવાણી થાય છે. સરસ્વતીચંદ્ર અને કુમુદ ધડકતે હૃદયે આ બધું જોઈ રહે છે. થોડીવારમાં અલગ-અલગ ક્રિયામાં આ તમામ છાયાઓ દેખાવા લાગે છે. ધર્મલક્ષ્મી પિતૃસેવાની આજ્ઞા કરે છે અને અલકકિશોરીનો 'ભાભી' એટલો સ્વર સંભળાય છે. થોડીવારે ઘોંઘાટ કરી તમામ અવાજ શાંત થઇ જાય છે. અંતે તમામ છાયાઓ તેજરૂપી કુંડના મોજામાં ડૂબી જાય છે. કુમુદ અને સરસ્વતીચંદ્ર તેમની દિવ્ય પાંખોથી ઉંચકાય છે અને સ્નેહીઓ સાથે એ જ કુંડમાં પડે છે. અહિ જ ચંદ્ર અને કુમુદનું મહાસ્વપ્ન પૂર્ણ થાય છે.

પ્રકરણ ૩૪ 'અર્જુનનો વાયુરથ અને દાવાનળ'માં ફરી ચંદ્ર અને કુમુદને સંયુક્ત સ્વપ્ન આવે છે, જેમાં ભારતવર્ષની વર્તમાન સ્થિતિનું ચિત્ર ખડું થાય છે, તેમાં ભવિષ્યની ચિંતા પણ નિહિત હોય છે. સરસ્વતીચંદ્ર અને કુમુદ બંને સૌમનસ્ય ગુફામાં હોય છે ત્યાં કુમુદ ચંદ્રને સવાલ કરે છે અને સરસ્વતીચંદ્ર તેના સવાલોના જવાબ આપે છે. લગ્ન, દિવ્યતા અને ભારતવર્ષ વિશે વાત થાય છે ત્યારે અગાઉ જોયેલ સ્વપ્નનું અર્થઘટન પણ કરે છે અને ભારતવર્ષના ભાવી માટે ચિંતા વ્યક્ત કરે છે. કુમુદને અગાઉ જોયેલ રાફડાઓ દેખાય છે અને તેઓ જે ગુફામાં છે તેના પુતળાઓ ઉંચે ચડતા હોય એવું લાગે છે. થોડીવારમાં જ કુમુદ નિદ્રાવશ થઇ જાય છે. સરસ્વતીચંદ્ર પણ નિદ્રાધીન થઇને ઢળી પડે છે. થોડીવારમાં ઝાકળ પડે છે. બંને સ્વપ્નલોકમાં સરે છે, પરંતુ કુમુદ ચંદ્રને જગાડે છે. બંને નીચે આવે છે. એક ઓટલા પર ચંદ્ર અને બીજી તરફ કુમુદ સુઈ જાય છે. બંને નિદ્રામાં સરી પડે છે અને બંનેને સ્વપ્ન આવવા લાગે છે. ફરી બંનેને એક જ સ્વપ્ન આવે છે. સ્વપ્નનું શરૂઆતનું આ વર્ણન જૂઓઃ 'સ્વપ્નનો પ્રથમ ચમકારો થયો તેની સાથે સિદ્ધાંગનાઓની પ્રસાદીઓ જાતે પ્રાપ્ત થઈ. તેજોમય વમળના છેડાઓથી બે જણ સંધાયાં, પાંખો પ્રાપ્ત થઈ અને તેની સાથે જ સૌમનસ્યગુફાની અગાશીમાંથી બે જણ ચંદ્રલોક ભણી ઉડવા લાગ્યા.' (પાના નં. ૪૯૦)

અહિ ઉપર તેઓ સૌંદર્યનો લ્હાવો લેતા આગળ વધતા હોય છે ત્યાં સૌપ્રથમ તેમને ક્ષત્રીય વેશધારી છાયા આવતી દેખાઈ. તે બીજું કોઈ નહિ પરંતુ મલ્લરાજના ભાયાત સામંતરાજ હોય છે. તે સરસ્વતીચંદ્રને ઓળખી જાય છે અને કહે છે કે તે તેની રાજભક્તિથી અહિ સુધી તો પહોંચી ગયા પરંતુ હવે આગળ સિદ્ધનગરમાં જવાનો અધિકાર સાત્વિક દષ્ટાઓને જ છે અને તે જ્યાં સુધી તેવો દષ્ટા ન બને ત્યાં સુધી આમ બહાર ફરે છે. જે અધિકાર સામંતરાજને મૃત્યુ પછી પણ નથી મળ્યો તે અધિકાર સરસ્વતીચંદ્રને તે જ ક્ષણે મળે છે. આ માહિતી આપી સામંતરાજ તેમના પોપટને સાથે લઇ જવા વિનંતી કરી કહે છે કે 'મારી વાસનાઓ ને જિજ્ઞાસાઓ તેને જીહ્વાગ્રે છે ને તમે જ્યાં જશો ત્યાં તે તેના ઉચ્ચારણ કરે ત્યારે ત્યારે સાંભળજો ને તેને કોઈ ઉત્તર ન આપે તો તમે આપજો. એની જીહ્વા એ ઉત્તર મને કહી બતાવશે એટલે મારી વાસના શાંત થશે ને જિજ્ઞાસા પૃપ્ત થશે તેની સાથે મારી દષ્ટિ સાત્વિક થશે એવો સિદ્ધાદેશ છે.' (પાના નં. ૪૯૧)

સરસ્વતીચંદ્ર સામંતરાજે કહેલ વાત માન્ય રાખે છે અને પોતે કઈ બાજુ જઈ રહ્યા છે એની માહિતી મેળવે છે. સામંતરાજ તેને જણાવે છે કે અહિ પૃથ્વીનો વાયુ બંધ થઈ જાય છે અને અહીંથી આગળ જતા સુર્યમંડળના આકર્ષણના મહાસાગરમાં જશો. જ્યાં પૃથ્વીના મનુષ્યલોકની દોરીઓ દેખાશે. જેમાં આપણા દેશની દોરી પણ દેખાશે. આટલું કહી સામંતરાજ અદશ્ય થઈ જાય છે. થોડીવારમાં ત્યાં એક વિમાન આવે છે. 'એ વિમાનમાંથી અનેક સોનારૂપાની ને અન્ય ધાતુઓની અનેક દોરીઓ નીચે લટકતી હતી ને પૃથ્વીના ગોળા ભણી ખેંચાતી હતી. તેમ પૃથ્વીને ખેંચતી હતી. આ વિમાનમાંના આસન ઉપર પ્રકાશમય ધનુર્ધર મૂર્તિઓ દેખાતી હતી.' (પાના નં. ૪૯૧) આ રથને જોઈ ચંદ્ર કુમુદને કહે છે કે આ જ મહાત્મા અર્જુનનો રથ છે. ચંદ્ર અને કુમુદ વચ્ચે પૃથ્વી તરફ ખેંચાતી દોરીઓ વિશે વાત થાય છે. ચારે દિશામાં કોણ કોણ છે તેના વિશે પણ વાત થાય છે. જેમાં પશ્ચિમતટ પર કપિલોક વસે છે અને તે આ રથમાં સુવર્ણસૂત્ર અતિબળથી ખેંચે છે. તેની નીચે પક્ષીરાજ બીજું સૂત્ર ખેંચે છે તે દિવસે ગરુડ થાય છે ને રાત્રે ચકોર બની જાય છે. ત્રીજું સૂત્ર ગજરાજ ખેંચી રહ્યા છે, અને દક્ષિણે મયુર એક સૂત્ર ખેંચે છે. અર્જુનના રથ સૂત્ર વિશે આટલી સ્પષ્ટતા સરસ્વતીચંદ્ર કુમુદ સામે કરે છે.

આ સાંભળી સાથે આવેલ પોપટને વાચા ફૂટે છે અને તે બોલવા લાગે છે. ત્યારબાદ પોપટ અર્જુનના રથસૂત્ર ખેંચનાર મયુર, ચકોર અને ગરુડ સાથે ચર્ચા કરે છે, પ્રશ્નો કરે છે જેમાં ભારત

વર્ષ અને તેનો ઉત્કર્ષ જ જોડાયેલ હોય છે. સરસ્વતીચંદ્ર અને કુમુદ સુવર્ણસૂત્ર તરફ આગળ વધે છે પરંતુ તે સૂત્ર નાના નાના ઉપસૂત્રમાં રૂપાંતરિત થઇ જાય છે અને તે ઉપસૂત્રો વલોણાનાં દોરડાં પેઠે ઉડવા લાગે છે. થોડીવારમાં પૃથ્વીની ચારે તરફ એક મહાસાગર દેખાવા લાગે છે. આ મહાસાગરમાં અનેક દ્વીપ અને ખંડો દેખાય છે. જેમાં કપિલોકના જુંડ જોવા મળે છે. આ કપિગણ દિવ્યશક્તિશાળી છે જે ઘડીકમાં વાયુ, મોજા, અગ્નિ અને વિજળીને પણ વશ કરી શકે છે. આમ થવા પાછળના કારણમાં અર્જુન જવાબદાર છે તેમ ચંદ્ર જણાવે છે. પોપટ કપિલોકમાં બધા કરતા વધુ બળ કેમ છ તેનું કારણ પુછે છે. તો તેમાં અર્જુન ઇન્દ્રપુત્રનો પક્ષપાત ગણાવે છે.

અર્જુન આટલો પક્ષપાતી કેમ છે તેનો જવાબ પોપટને મળતો નથી તેના બદલામાં એ પ્રશ્ન ચિરંજીવીને પૂછવા જણાવે છે. આ વાનરો જ સુત્રને ખેંચી રહ્યા છે તેના તાર છુટા પડવા લાગે છે તેમાંથી વિદ્યા વિજળીના ચમકારા જેમ નીકળે છે. તો ક્યાંક ધનના ઢગલા વાદળ પેઠે નીકળે છે.

આગળ કુમુદ ગજલોક વિશે ચંદ્રને પૂછે છે જેના જવાબમાં ચંદ્ર કહે છે કે એ કપિલોકના પાંચાલીનું રાજ્ય હતું ત્યારે ઋક્ષલોકમાં દુર્યોધનનું રાજ્ય હતું. આ ગજલોક કે ઋક્ષલોક એટલે રશિયા. ત્યાં પોપટ અને કપિ વચ્ચે પ્રશ્ન અને ઉત્તરની આપ-લે થાય છે. કપિ પોપટને શિખામણ આપે છે. 'પોપટ! તને કહ્યું કે તારો ધર્મ જાણ ને તે પ્રમાણ વર્ત એટલે તારા દેશનું કલ્યાણ થશે.' (પાના નં. ૪૯૮) વાનર આગળ પોતાના ધર્મ અને કર્મ વિશે વાત કરે છે કે કેવી રીતે તેઓ અર્જુનના રથનું વહન કરે છે અને તેના સૂત્ર સુધી લોકોને યેનકેન પ્રકારે પહોંચાડે છે. ત્યારબાદ અચાનક પોપટ અને વાનર અંગ્રેજીમાં વાત કરવા લાગે છે. જેમાં એક વૃદ્ધ વાનર આવી મધ્યસ્થી કરે છે. તે કહે છે કે જો વચનબદ્ધતાથી કોઈનું નુકશાન થાય તો વચન ભંગ કરવો અનુચિત નથી. આ બાબત સુગ્રીવ અને વાલી સંદર્ભે હોય એવું જણાય છે. પોપટ આ ચર્ચા અંતે વ્યગ્ર બની રડવા લાગે છે ત્યારે સરસ્વતીચંદ્રને નિરાશામાં પણ આશાનું કિરણ દેખાય છે. ભારતના ભાવી વિશે આનંદિત થાય છે અને આસપાસનું આકાશગંગાનું અદ્‌ભુત દ્રશ્ય જોઈ પ્રફુલ્લિત થઇ કહે છે- 'અખંડ રહો આ, અખંડ રહો આ, આપણી માઝમ રાત!' (પાના નં. ૫૦૫) અહીં આ પ્રકરણ ૩૪ 'અર્જુનનો વાયુરથ અને દાવાનળ' પૂર્ણ થાય છે.

પ્રકરણ ૩૫ 'કુરૂક્ષેત્રના ચિરંજીવો અને ભારતવર્ષનું ભવિષ્ય'ની શરૂઆતમાં ચંદ્ર અને કુમુદ પોપટ હજી સાથે સ્વપ્નસૃષ્ટિમાં વિહરી રહ્યા હોય છે. આકાશગંગામાંથી આ ત્રણેય કુરુક્ષેત્ર સામેના

હિમાલયની ટોચ પર પહોંચે છે. ત્યાંથી તેમને પાછલા પગેથી ચાલતા રીંછ નજરે પડે છે. જેમાંથી અમુક પૂર્વ સમુદ્ર તરફ અને અમુક હિમાલય તરફ આવી રહ્યાં હતાં. એ સિવાય બીજા પશુઓ પણ દોડાદોડી કરી રહ્યાં હતાં. પશ્ચિમમાં ખીણમાં વરુઓના ટોળાં ફરતાં હતાં. ચંદ્ર અને કુમુદ હિમાલય પરથી ભારત અને તેના પગ પખાળતાં સાગરનાં દર્શન કરી રહ્યા. ત્યાં એમને કશોક અવાજ સંભળાય છે. આ અવાજ કુરુક્ષેત્ર તરફથી આવી રહ્યો હોય છે. તે સ્વર પરશુરામનો હોય છે. ચંદ્રના કહેવા મુજબ તે કુરુક્ષેત્રના ઉપરના ભાગમાં વસે છે. આ દેશની અને આ ક્ષેત્રની ચિંતા કરે છે.

ચંદ્ર અહીં એક ઐતિકાસિક બાબત જણાવે છે કે આપણે જેને પાણીપતનું મેદાન કહીએ છીએ તે આ કુરુક્ષેત્ર જ છે. ત્યાર બાદ કેવી રીતે ભારતના મહાન રાજાઓ વચ્ચે બહારથી આવનાર પ્રજા સાથે અનેક યુદ્ધો થયાં તેની વાત કરતાં કરતાં મહાભારતના યુદ્ધ વિશે પણ વાત કરે છે. આ કુરુક્ષેત્રના હજુ ઘણા ચિરંજીવીઓ વસે છે. જેમાં ભીષ્મ પિતામહ, અશ્વત્થામાં મુખ્ય છે. તે સિવાય અહીં ચંદ્રને કુંતી અને પાંડવોની છાયા પણ દેખાય છે.

ચંદ્ર અને કુમુદ સૌથી પહેલાં પિતામહ પાસે જાય છે. શીલા પર દિવ્ય પાવડો અડતા ગુપ્તગંગા પ્રગટે છે. અહીં શેષનાગથી રક્ષિત એવા પિતામહના દર્શન થાય છે. તેમનું શરીર ક્ષુધાથી સુકાઈ ગયું હતું પરંતુ ગંગાનો એક ઝરો નિરંતર તેમના મુખમાં વહ્યા કરતો હતો. તેમના શરીરની નસો, અસ્થી અને અન્ય સર્વ શારીરિક તત્ત્વો પારદર્શક રત્નોના વાસણમાં રાખેલ ચિત્ર જેમ દેખાતા હતાં. તેમના બાણ સોનાની ખીલીઓ જેવા દેખાતા હતા. તેમને આવેલા જોઈ શિરછત્ર ધરી રહેલો નાગ ચમકી જાય છે અને અહીં આવવાનું કારણ પૂછે છે. જેના જવાબમાં ચંદ્ર પિતામહના દર્શનની અભિલાષા જણાવે છે. નાગ કહે છે કે જ્યારથી પાંડવોએ આ દેશ છોડ્યો ત્યારથી પોતે અહીં છે અને અગાઉના સ્વપ્નમાં રાફડામાં જોયેલા નાગનો તે આદિપુરુષ છે. તે કોઈ આજ્ઞા વશ પિતામહની રક્ષા કરે છે. અગાઉ જે રાફડાઓની દશા થઈ એ અશ્વત્થામાના ઉન્માદનું પરિણામ જણાવે છે. ત્યાર બાદ નાગ અને પોપટ વચ્ચે બ્રાહ્મણ અને અશ્વત્થામા બાબતે ચર્ચા થાય છે. જે ચર્ચાથી જ્ઞાતિ કરતા કર્મ વધુ બળવાન હોય છે તેવું પ્રતિપાદિત થાય છે અને કેવી રીતે અશ્વત્થામાએ પોતાની કુબુદ્ધીથી પાંડવોને પીડા આપી અને આખરે તેની પોતાની કેવી દુર્ગતિ થાય તે કથા જણાવે છે. ત્યાં થોડીવારમાં ગંગાસ્નાન કરી ચંદ્ર અને કુમુદ ઉંચકાય છે અને આગળ ચાલે

છે. ત્યાં તેમને અશ્વત્થામાનો ભેટો થાય છે. તે અટ્ટહાસ્ય કરવા લાગ્યો ગંગાને વૈતરણી કહે છે એક કોઈ મદમાં અહમમાં ઊડે છે અને અદશ્ય થઇ જાય છે. 'તેની સાથે એક પાસથી રાફડાઓ નીચેનો મણિમય પ્રદેશ દષ્ટિગોચર થયો, બીજી પાસથી અકબર પાદશાહની બાંધેલી હવેલીઓ આકાશ વચ્ચે લટકવા લાગી, ત્રીજે સ્થાને પૃથ્વી પર શિવાજીનું સિંહાસન અને છત્ર શિવજીની જીવતી મૂર્તિ સાથે ઉભાં થયાં, ચોથે સ્થાને કુરુક્ષેત્રમાં અર્જુનનો જયધ્વજ ઊડવા લાગ્યો....અશ્વત્થામા તે સર્વના ઉપર કૂદકા મારી ભૂસકા મારવા લાગ્યો.... સર્વ દિવ્ય વ્યવસ્થાને ઠેકાણે અનન્ત અવ્યવસ્થા વ્યાપી ગઈ.' (પાના નં. ૫૧૬) આખા કુરુક્ષેત્રમાં અશ્વત્થામાની શક્તિથી એક નવી જાળ પથરાઈ ગઈ. લોકો એ ગૂંચને ઉકેલવા માટે પ્રયત્ન કરતા અને ન ઉકેલાય ત્યાંથી કાપી નાંખતા. કુરુક્ષેત્રના વાતાવરણમાં અસંખ્ય જંતુઓ માછલાંની જેમ તરવા લાગ્યા. જાણે મહાસાગર જોઈ લ્યો. તેની વચ્ચે અશ્વત્થામા ગર્જવા લાગ્યો કે પોતે મહાસંહારક છે.

થોડીવારે બધું શાંત થઈ ગયું. જ્યાં અવ્યવસ્થા હતી ત્યાં બધા જ લોકોનો મેળો ઉમટી પડ્યો. ચકડોળના હિલોળા લેતો મેળો. આ ચકડોળને કોઈ વૃદ્ધ બ્રાહ્મણ ફેરવતો હતો. આ પણ અશ્વત્થામાનું જ એક સ્વરૂપ હતું. આ મેળામાં અચાનક એક પલંગ તરવરવા લાગે છે. જેના પર મૂર્છાવશ સુતેલી પાંચાલી હોય છે. તે પલંગની બંને બાજુથી પાંચાલીના આંસુની ધારા ટપકતી હોય છે. આ આંસુને નીચે મેળામાં મહાલતા લોકો મેઘરાજાનું જળ જાણીને આનંદથી પીતાં હોય છે. પાંચાલીના શરીરને એક વાનર વસ્ત્રોથી ઢાંકતો તેના પલંગ પાસે બેઠો હોય છે. તેની છાતી ઉઘાડી હોય છે અને વાનર એક બાજુના સ્તનને ધાવતો હોય છે. બીજી બાજુ પેલો વૃદ્ધ બ્રાહ્મણ આવ્યો અને એ પાસેના સ્તનને અતિ બળથી ધાવવા લાગ્યો. તેના શીર આગળ ઓશીકે ક્ષમા અને ધીરતાની મૂર્તિ કુંતી બેઠી હતી. અહિ કુંતીના કૃશકાય શરીરનું વર્ણન કરવામાં આવે છે. તે ઘડીકમાં વાનરને ધાવણથી વછોડતી તો ઘડીક પેલા વૃદ્ધ બ્રાહ્મણને આઘો ખસેડવાનો મિથ્યા પ્રયત્ન કરતી. તેનો હાથ જ્યાં સુધી પાંચાલીના માથા પર ફરતો ત્યાં સુધી પાંચાલી આંખો મિંચી સ્વસ્થ પડી રહેતી. કોઈ કારણ વશ એ હાથ દુર થતો ત્યારે ન સંભળાય એવું ઝીણું ઝીણું પાંચાલી બબડતી. આ દશ્ય કુમુદથી જોવાયું નહિ. તે વાનરને દુર હટી જવા વિનંતી કરે છે. આ વાનર અર્જુનના રથનો હનુમાન હોય છે. તે પોતાની પીડા વ્યક્ત કરે છે કે અહિ માતાની રક્ષા કાજે અમો છીએ પણ ફળ કે મૂળ વિનાના આ પ્રદેશમાં આ ધાવણ વિના અમે ટકી શકીએ નહિ. ત્યાર બાદ કુમુદ અને હનુમાન વચ્ચે આ બાબતે ચર્ચા થાય છે. થોડીવારમાં અશ્વત્થામા ઉત્તરાનો વેશ લઇને

પાંચાલીના પલંગ પાસે આવીને બેસે છે અને કપિની નિંદા કરવા લાગે છે. થોડીવાર પાંચાલીનો બબડાટ ચાલે છે.

થોડીવારે અદશ્ય સ્વરૂપે દુર્યોધનનો અવાજ સંભળાય છે. પોપટ અને આ દુર્યોધન વચ્ચે સંવાદ થાય છે. દુર્યોધન પાંડવોને ખોટા અને પોતાને સાચા સાબિત કરવાના પ્રયત્ન કરે છે. આ ચર્ચામાં હનુમાન પણ જોડાય છે. થોડીવાર કુંતી માતા અંગ્રેજીમાં પાંચાલી સાથે વાત કરે છે. ત્યાં સહદેવ અને નકુલની છાયા આવી પહોંચે છે. તે છાયા અદશ્ય થાય છે ત્યાં લાક્ષાગૃહનું દશ્ય ખડું થાય છે. ત્યારબાદ હવામાં અર્જુનનો રથ પ્રગટે છે. અર્જુન પાંચાલી સાથે સંવાદ કરે છે. થોડીવારમાં ધર્મરાજની છાયા પ્રગટ થાય છે. જે પાંચાલી પાસે ન આવી શકવાની વિવશતા પ્રગટ કરે છે. થોડીવારે આ બધા જ લોકોના પ્રતિધ્વનીઓ સમુદ્રમાંને પર્વતમાં ઉડવા લાગ્યા. ચંદ્ર અને કુમુદ આગળ વધ્યા અને રત્નનગરી આવી ચડ્યા. ઉપરથી ઉડતા નીચેની ભૂમિ જોઈ બંને પ્રફુલ્લિત ભવિષ્યની કલ્પના કરે છે. અહિ બંનેનું સંગત સ્વપ્ન પૂર્ણ થાય છે પરંતુ કુમુદને પોતાને એકલું સ્વપ્ન આવે છે. નિદ્રામાં તે બબડાટ કરે છે.

અહિ કુમુદ અને સરસ્વતીચંદ્રને એક જ સમયે એક સમાન સ્વપ્ન આવે છે આ સંયોગનું કારણ કથક સ્વપ્નની શરૂઆતમાં જ આપે છે. 'લલાટ પાછળના અંતર્ભાગમાં મનુષ્યનું મસ્તિષ્ક છે ને સ્વપ્નસૃષ્ટિ તેમાં ઉદય પામે છે. સરસ્વતીચંદ્રના મસ્તિકમાંથી સ્વપ્નસૃષ્ટિનું કારણભૂત તેજ, એના લલાટ બહાર લલાટ ઉપર રમતા ચંદ્રપ્રકાશમાં ચંદ્રકિરણની નાડીઓમાં, વાદળીમાં પાણી ચડે તેમ, નાડી- આકર્ષણથી આકર્ષાઈ ચડ્યું હોય અને તેમાંથી કુમુદની આંખના ઉઘાડા ભાગમાં થઈને એના મસ્તિષ્કમાં ગયું; અથવા ચંદ્રપ્રકાશમાં જ ઉત્પન્ન થયેલું સ્વપ્ન બે જણનાં સામસામાં મસ્તિષ્કોમાં સાથે લાગું સર્યું હોય; અથવા નવા શોધાયેલા 'રોઞ્જન'(X-Ray) કિરણના યંત્ર જેવી શક્તિ કોઈ સંયોગથી કુમુદના મસ્તિકમાં આવી હોય ને તેના પ્રભાવથી તે પ્રિયજનના મસ્તકને હૃદયને પારદર્શક કરી જોઈ શકી હોય; અથવા બેના ગ્રહસંયોગે આ દશા આણી હોય; અથવા પ્રાણવિનિમયની કોઈ.... બળે આજે આ બે મસ્તિકમાં બળવાન સંગત સ્વપ્નોદય થવા લાગ્યો." (પાના નં. ૪૩૦-૪૩૧)

આમ કથક બન્નેને સમાન સ્વપ્નના સહયોગ માટે પૂર્વભૂમિકા અગાઉથી જ આપી દે ભાવકને પ્રથમથી જ અવગત કરે છે. વળી અહિ કથક પોતે જ વાચકને એ સ્વપ્નસૃષ્ટિમાં દોરી

જાય છે. કથક એમ કહે પણ છે કે, 'હવે રજૂ થતી તમામ સૃષ્ટિ સ્વપ્નની ગણવી' એટલે અહિ કથક કોઈ ચમત્કૃતિ વિના સહજ રીતે સ્વપ્નને પ્રયોજે છે.

આ સ્વપ્નનું કારણ તપાસવા પાત્રના મનની સાથે કથક(સર્જક)ના મન સુધી પણ જવું આવશ્યક બને છે. આ સ્વપ્ન પાત્રનું હોવા કરતા કથકનું પ્રેરેલું વધુ લાગે છે. સર્જક જે બાબત ખુલી રીતે સમાજ સમક્ષ નથી મૂકી શકતા તે વાત તેમના મનમાં તો પડેલી જ રહે છે. તે સમયનો સમાજ વિધવા પુનઃવિવાહ માટે વૈચારિક રીતે તૈયાર ન હતો. મનમાં રહેલ ચંદ્ર અને કુમુદને મેળવવાની લાલસાં સ્વપ્નમાં દિવ્ય લગ્ન કરાવવી પૂર્ણ કરે છે. જે બાબત સમાજ સ્વીકારતો નથી તે બાબત સામે દિવ્ય અને સિદ્ધલોકના નિવાસીઓને કોઈ આપત્તી નથી તેવો ગર્ભિત સંદેશ પણ આપી દે છે. સામાજિક દબાવને પ્રભાવે આ સ્વપ્નમાં સ્નેહલગ્નને દિવ્યલગ્ન સુધી પહોંચાડી બંનેને રાષ્ટ્રહિત માટે કાર્યરત થવાના બીજ રોપે છે.

આ સ્વપ્નના કારણ માટે જો પાત્રના મન સુધી જઈએ તો કુમુદ અને ચંદ્રની મનઃસ્થિતિ સુધી જવું પડે. સામાજિક બંધનને કારણે બંને એકબીજા પ્રત્યેની લાગણી વ્યક્ત કરી શકતા નથી કે સ્વીકારી પણ શકતા નથી. તેમના મનમાં આ સ્નેહ દમન પામે છે. આથી આ દમિત લાગણી, સ્નેહ સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થવાની સંભાવના મનોવૈજ્ઞાનિક દષ્ટિએ વધી જાય છે.

સરસ્વતીચંદ્રનું ચરિત્ર પહેલેથી જ ધીર ગંભીર અને માનસિક રીતે ભીરું મનોબળ વાળું દર્શાવવામાં આવ્યું છે. શરૂઆતમાં લીધેલો કુમુદથી અલગ થવાનો નિર્ણય ક્ષણિક આવેગ અને ભાગેડુ વૃત્તિનું જ પરિણામ હતો. મા વિનાનો ચંદ્ર સાવકી માતા પાસે ઉછરે છે. સાવકી માતા અને પિતાની રુક્ષતા તેના મન પર અસર કરી ગઈ હોય છે, ઘરમાં રહેતા તંગ વાતાવરણ માટે તે પોતાની જાતને જ જવાબદાર માને છે અને પોતે કોઈને પણ સુખી નહિ કરી શકે તેવું માનવા લાગે છે. આ અસમંજસમાં જ કુમુદને પત્ર લખી બેસે છે. તેના આ નિર્ણયથી કુમુદ અને તેનું જીવન કપરું થઇ જાય છે. કુમુદના લગ્ન પ્રમાદધન સાથે થવા એ કાળની કારમી નિયતિ હતી.

સરસ્વતીચંદ્ર પ્રત્યે કુમુદની આસક્તિ અને પ્રમાદધનના વ્યવહાર વચ્ચે સતત પીડાતી કુમુદનું ચિત્ર વાસ્તવિક ધરા પર દયનીય બને છે. કુમુદના સાસરે અતિથિ બનીને પહોંચેલ સરસ્વતીચંદ્ર આ પીડામાં વધારો કરે છે. અલબત્ત પોતાની ભૂલ સુધારવા આવેલા સરસ્વતીચંદ્રને

સમજાય છે કે હવે ઘણું મોડું થઈ ગયું હોય છે આથી ફરી પલાયન કરે છે. તેથી એવું કહી શકાય કે, ચંદ્ર પહેલેથી જ પલાયનવાદી માનસિકતા ધરાવે છે.

આ તમામ બાબતમાં કુમુદ પિસાય છે. પોતે કયા પાપે આ સજા ભોગવે છે તે જ કુમુદને નથી સમજાતું. ચંદ્રએ લખેલ પત્રને આજે પણ છાતીએ સાચવીને રાખ્યો છે. સાસરિયામાં મહેમાન તરીકે આવેલ ચંદ્રને જોઈ કુમુદ હચમચી જાય છે પોતાની જાતને સમજાવવાનો પ્રયત્ન કરે છે. મનમાં ઉદ્‌ભવતી લાગણીઓનું દમન કરે છે. 'પ્રમાદધન મુજ સાચા સ્વામી'નું રટણ કરે છે. પરંતુ આખરે આ પીડાનો અતિરેક સહન ન થવાથી નદીમાં ઝંપલાવે છે.

હવે બન્ને ફરી મળ્યા છે ત્યારે વચ્ચેના સમયમાં ઘણું વીતી ગયું હોય છે. જીવનમાં આગળ શું કરવું ન કરવું ના તેમના નિર્ણય સ્વપ્ન દ્વારા પ્રગટ થાય છે. તેમના દેહલગ્ન અદ્વૈત લગ્નમાં પરિણમે છે. અહિ બંનેના ચરિત્રને વાસ્તવિક, મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ રચવાનો ઘણો અવકાશ હતો પરંતુ ગોવર્ધનરામનો વાસ્તવ કરતા આદર્શ તરફનો ઝુકાવ વધી ગયો. તેથી જ દેશ ઉદ્ધાર માટે બંને આત્મલગ્નથી જોડાય છે. બીજી રીતે કહીએ તો વાસ્તવમાં લગ્ન કરાવવા અસમર્થ સર્જક સ્વપ્ન પ્રપંચ દ્વારા તેમના આત્મલગ્ન કરાવી આપે છે.

અહિ સ્વપ્નનું કારણ મનોવૈજ્ઞાનિકની સાથોસાથ અધ્યાત્મિક હોય એવું પણ પ્રતીત થાય છે. અખંડ ભારતવર્ષની કલ્પના કરતા ચૈતસિક દુનિયા રચવા માટે ભારતીય પુરાણ અને લોક-પરલોકની માન્યતાનો આધાર અહિ સર્જકે લીધો છે. આપણે ત્યાં મૃત્યુબાદ સ્વર્ગ, નર્ક, સિદ્ધલોક, ગો-લોક, પિતૃલોક જેવા સ્થળો હોવાની માન્યતાઓ પ્રચલિત છે તે માન્યતાઓનો અહિ સુંદર રીતે ઉપયોગ થયો છે.

સ્વપ્ન માટે જરૂરી વર્ણનાત્મક અને ચિત્રાત્મક ભાષા પ્રયોજવાનો અહિ ભરપુર પ્રયત્ન થયો છે. આ સ્વપનમાં ચિત્રાત્મકતા તરફ નજર કરીએ તો સ્વપ્નની શરૂઆતમાં જ ચંદ્ર અને કુમુદ ચાલતા-ચાલતા કોઈ કિલ્લા પાસે પહોંચે છે તેનું વર્ણન જૂઓઃ 'એક કિલ્લા જેવી ભીંત જણાઈ. તેની વચ્ચે મોટું ઊંચું ગોપુર હતું...... ત્યાં એક મોટા ચોગાનમાં આવી ઊભાં રહ્યાં... કંઈક પદાર્થ નીચે સરી પડતો લાગ્યો.' (પાના નં.૪૩૧) આમ આ વર્ણન આંખો સામે એક દશ્ય ખડું કરી આપે

છે. આ ભાષા દ્વારા જ એક રહસ્ય અને ચમત્કારનું તત્ત્વ પણ પ્રગટ થાય છે. પરંતુ વારંવાર એકને એક બાબતોનું પુનરાવર્તન પણ વર્ણનોમાં જોવા મળે છે.

સ્વપ્નમાં ડગલે ને પગલે ચમત્કાર જોવા મળે છે જે માત્ર સ્વપ્નમાં જ શક્ય હોઈ શકે. કુમુદ અને સરસ્વતીચંદ્રને તેના પૂર્વજો જોવા મળે છે. શરૂઆતમાં કુમુદની સાસુ સ્ફટિકમય મૂર્તિ સ્વરૂપે પ્રગટ થાય છે અને અચાનક કેવી રીતે અદશ્ય થાય છે તેનું વર્ણન જૂઓઃ 'આ મૂર્તિનું સ્ફટિક શરીર ધીમે ધીમે ઓગળતું હોય, વરાળ પેઠે સ્ફટિક ઊડી જતો હોય તેમ એ શરીર ધીમેધીમે અદશ્ય થઈ ગયું.' (પાના નં.૪૩૫-૪૩૬) આગળ ચંદ્રલક્ષ્મીની મૂર્તિ પણ વાદળમાંથી બનેલા શરીર વાળી દર્શાવી છે. ચંદ્ર અને કુમુદને દિવ્ય આભુષણ પણ ચમત્કારિક રીતે જ મળે છે. 'તેનું વાક્ય પૂરું થતાં પહેલાં પહેલાં તો મુદ્રા સરસ્વતીચંદ્રની આંગળીએ ચળકવા લાગી ને મંગળસૂત્ર કુમુદના પયોધરભાર ઉપર વીજળી પેઠે ચમકારા કરવા લાગ્યું.' (પાના નં.૪૩૭)

પિતામહપૂરમાં તેઓ કેવી ગતિથી આગળ વધે છે તેનું વર્ણન જૂઓઃ 'સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી હિમ ઉપર સરવાની ચક્રવાળી પાદુકાઓ પહેરી સરતાં હોય તેમ, ગોપુરની તળે સરી ગયાં.' (પાના નં.૪૪૨) જ્યારે મનુષ્યો રાફડાઓ તોડી રહ્યા હતાં ત્યારે જે સ્થિતિ થાય છે તેનું વર્ણન પણ ચમત્કારિક છે. 'મનુષ્યો લોહના કુહાડા લઇ રાફડાઓ ઉપર તીવ્ર પ્રહાર કરતાં જણાયાં. પણ જ્યાં તેઓ કુહાડાથી ખાડો પાડે ત્યાં તેની સાથે ચારપાસથી માટી ધસી પડતી હતી.' (પાના નં.૪૬૩)

પ્રથમ સ્વપ્નના અંતમાં ગુણસુંદરીના અપ્રતિમ જ્ઞાન અને તેજને દર્શાવવા માટે થયેલ આ વર્ણન ચમત્કાર તત્ત્વ સાથે પ્રતીકાત્મકતા જન્માવે છેઃ 'ગુણસુંદરીની પાસેનાં વાસણ સુવર્ણમય થઈ ગયાં, ઝાડુ પુસ્તકમય થઈ ગયું, વાસણને ચોપડેલી રાખ રત્નમય થઈ ગઈ, ને ઝાડુ તળેનો કચરો અક્ષરમય થઇ ગયો. વિદ્યાચતુરના હાથમાંનાં પુસ્તક ત્યાંથી ઊડી ગુણસુંદરીના હૃદય ઉપર મોતીની માળા થઈ ગયાં.' (પાના નં.૪૬૨) આ સમગ્ર ચમત્કાર દર્શાવે છે કે એક ગૃહિણી વ્યવહાર કુશળતાથી ઘરને ચલાવતા ચલાવતા જે જ્ઞાન અર્જિત કરે છે તે તેને વિદ્વાનની કક્ષાએ પહોંચાડે છે.

'અર્જુનનો વાયુરથ પ્રકરણ'માં પણ ઉડતો રથ અને પશુ-પક્ષીનું બોલવું વાચકને અચંબિત કરે છે. તેમાંય જ્યારે પશુ પક્ષીઓ અંગ્રેજી ભાષામાં ચર્ચા કરે છે. કુંતીમાતા અંગ્રેજીમાં વાત કરે છે

ત્યારે તો કુમુદ પણ અચંબિત થઈ જાય છે. પશુ-પક્ષી તો ઠીક પણ ખરો ચમત્કાર તો ત્યારે થાય છે જ્યારે અર્જુનના રથના સુત્રો પણ વાણીનું ઉચ્ચારણ કરે છે. 'એ સૂત્ર કંપવા લાગ્યું ને તેમાંથી શાંત શ્વેત પ્રકાશના અંકુર ફૂટવા લાગ્યા ને તેમાંથી શબ્દોચ્ચાર નીકળવા લાગ્યો..' (પાના નંબર. ૪૯૪)

સ્વપ્નમાં સરસ્વતીચંદ્ર અને કુમુદ કુરુક્ષેત્ર પહોચે છે ત્યાં અશ્વત્થામા તેમની સમક્ષ જે રીતે પ્રગટ થાય છે તે વર્ણન ચિત્રાત્મકતા, નાટ્યાત્મકતા સાથે ચમત્કારના અંશો લઈને આવે છે. 'થોડે છેટે એક અતિ વૃદ્ધ બ્રાહ્મણ લાંબો પડી ચતો સૂતેલો દેખાયો. આમને જોઈ તે ઊભો થયો ને એટલો તો ઊંચો વધવા લાગ્યો કે એના વાળ વાદળમાં પહોંચવા લાગ્યા. સરસ્વતીચંદ્ર અને કુમુદને આ રાક્ષસી મનુષ્યે હથેલીમાં ઊંચાં ઊંચકી લીધાં ને પોતાના મુખ સામાં ધરી, વાદળ ગાજતું હોય એવા મોટા સ્વરથી કહેવા લાગ્યો.' (પાના નં.૫૧૬)

આ વર્ણનો ચમત્કારની સાથે દશ્યો ઊભું કરવાનું કાર્ય પર કરે છે. આ દશ્યો મોટે ભાગે ગતિશીલ રહ્યા છે. તે નાટ્યાત્મકતા જન્માવે છે, જ્યારે સ્થિર વર્ણન ચિત્રાત્મકતા પ્રગટ કરે છે. સ્થિર સ્થળના થોડાં વર્ણન જોઈએ. સ્વપ્નમાં સરસ્વતીચંદ્ર અને કુમુદ જ્યારે અશોકના સમયમાં પહોંચે છે તે સ્થળનું વર્ણન જૂઓ. 'ચારે પાસ હવે ચોગાન હતું અને ચાર માર્ગ નીકળતા હતા. એ ચારે માર્ગના મધ્ય ભાગમાં બે જણ ઉભાં. પોતાના ભૂંગળાવાળો શ્વેત પ્રકાશ આ ચોગાનમાંના ને માર્ગો ઉપરના પ્રકાશ સાથે ભળી જતો હતો. માથા ઉપર આકાશને ઠેકાણે મ્હોટી કાળી શિલાઓની છત હતી અને તેમાં સ્થાને સ્થાને મ્હોટાં મ્હોટાં છિદ્રો હતાં. તેમાંથી પોતે પ્રથમ જોયેલી રંગીન પ્રકાશવાળી નળીઓના મૂળ વડવાઈઓ પેઠે લટકતાં હતાં અને વડવાઈએ વડવાઈએ અનેક ન્હાના મોટા નાગ અને અજગરો બાઝી હીંચકા ખાતાં હતાં.' (પાના નં. ૪૪૫) સરસ્વતીચંદ્ર અને કુમુદની આંખે જોયેલું દશ્ય સુક્ષ્મ વર્ણન દ્વારા આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે.

કુરુક્ષેત્રમાં પરશુરામ ચિરંજીવીઓની દશા નિહાળી કેવી સ્થિતિ અનુભવે છે તેનું શબ્દ વિનાનું એટલે કે સંવાદ વિનાનું નાટ્યાત્મક ચિત્ર આ સંપૂર્ણ સ્વપ્નના સાર રૂપ બની રહે છેઃ 'અશ્વત્થામા રડે છે ને પરશુરામ એક પાસથી તેને જોઈ રહે છે ને બીજી પાસથી ક્રૌંચરન્ધ્ર ભણી દષ્ટિ કરે છે ને તેમના શરીરમાંથી અગ્નિના તણખા નીકળે છે. વળી પેલી પાસ ભીષ્મપિતામહની સ્થિતિ જોઈ ઓઠે રામ આંગળી મૂકે છે. પાંચાલીની છાયા જુએ છે ત્યારે દયાથી અશ્રુપાત કરે છે

ને ઉપાય શોધે છે. કુંતીને દેખે છે ત્યારે તેને આશ્વાસન આપે છે. પાંડવોની છાયાઓને દેખે છે ત્યારે કંઈક સંજ્ઞાઓ કરે છે, ને હનુમાનને દેખે છે ત્યારે પાસે જઈ કંઈક વાતો કરે છે.' (પાના નં.૫૧૦) આ સ્વપ્નદશ્ય ભારતની દયનીય સ્થિતિ પર કંઈ જ ન કરી શકવાની નિરાશાને પ્રગટ કરે છે.

અહિ સ્વપ્નમાં દશ્યની સાથે સંવાદ પણ જોવા મળે છે. આ સંવાદોમાં ચર્ચા, ટીકા, અને ઉપદેશ વધુ પ્રમાણમાં છે. ક્યાંક સ્વપ્નની જ કોઈ બાબતનો ખુલાસો આ સંવાદોમાં જોવા મળે છે.

આ તમામ સ્વપ્નમાં આવતા ઘટકો વિશે કથક પોતે જ સ્પષ્ટતા કરે છે. જેને પરિણામે આ સ્વપ્નનું વિશ્લેષણ કરવા માટે ભૂતકાળ તરફ નજર કરવાની જરૂર રહેતી નથી અથવા એમ પણ કહી શકાય કે સર્જક ઇચ્છતો નથી કે પોતે જે કહેવા ઇચ્છે છે એનાથી વિપરીત કોઈ અર્થ કરે. આમ સર્જકે જે વાત કહેવા સ્વપ્નનો આધાર લીધો છે તે વાત તરફ વાચકને પ્રવૃત્ત કરે છે. 'સરસ્વતીચંદ્ર' લખાઈ તે સમય ગુજરાતી નવલકથાનો ઉષાકાળ હતો. શરૂઆતના તબક્કે આ પ્રયુક્તિ કે સ્વપ્ન પ્રતીકોને સમજવાનું સામર્થ્ય ભાવકમાં ન હોય તો સર્જકનું કાર્ય સંપૂર્ણ રીતે પ્રત્યાયન પામે નહિ. આથી જ સર્જક અહિ તમામ પ્રતિકોને જાતે જ ખોલી આપે છે.

પ્રથમ સ્વપ્નની શરૂઆતમાં ચંદ્ર અને કુમુદને મૃત સ્વજનો દેખાય છે. ભારતીય પરંપરા મુજબ જો વ્યક્તિની કોઈ ઇચ્છા અધુરી રહી હોય કે તે વ્યક્તિ હૃદય પર કોઈ બોજ લઈને મૃત્યુ પામી હોય તો સ્વપ્નમાં આવી તેની વાસના દર્શાવતા હોય છે. અહિ સરસ્વતીચંદ્ર અને કુમુદના સ્વજનો સ્વપ્નમાં આવીને તેમની ભૂલ સુધારે છે અને બંનેને દિવ્ય લગ્નની ગાંઠે બાંધે છે.

સ્વપ્નમાં આગળ શ્વાન, સર્પ, રાફડો અને જીવજંતુઓને પણ સ્વપ્ન પ્રતીકો જ ગણવા શ્રેયસ્કર છે પરંતુ આ પ્રતીકોને સમજવા ફ્રોઇડની થિયરી કામ લાગતી નથી. આ પ્રતીકોને સમજવા ભારતીય સંસ્કારો અને શાસ્ત્રો મદદ રૂપ થાય છે. પ્રથમ આવતો શ્વાન તેની વાણીમાં જ પોતાનો પરિચય આપે છે. 'અમે શ્વલોક વસ્ત્રાદિ દંભને ધારતા નથી.' (પાના નં.૪૪૧) આ શ્વાન સાત્વિક દષ્ટિનું પ્રતીક બને છે. જેને કારણે ધર્મરાજ સાથે સિદ્ધલોકમાં સદેહે જવા મળ્યું. આગળ આવતું મહાકુંડ અવકાશનું પ્રતીક છે. તેમાં રહેલા રાફડા વિવિધ દેશના બિંબ છે અને તેમાં ખદબદતા જીવજંતુઓ, કીટકો મનુષ્યના રૂપો છે. તેમના વિશેનો આ એક સંવાદ જૂઓઃ 'આજના આપણા જાગૃત લોક તો પ્રમાણમાં વામન, ક્ષીણ ને રોગી છે; બાળક જેવા ઉપરના રાફડાઓમાં

દેખાય છે; બુદ્ધિમાં, વિદ્યામાં, સાધુતામાં, પ્રીતિમાં અને સર્વ સદ્વસ્તુમાં પણ આ નીચેના પ્રતિબિમ્બિત લોકમાં ને આપણા હાલના લોકમાં એવો જ ફેર છે.' (પાના નં.૪૫૨) કુમુદ આ કુંડને આર્યોના પુરણ વિસ્તીર્ણ મહાસાગર કહે છે. આ રાફડઓમાંથી આવતા ક્ષ-કિરણો સત્ત્વ, રજો, તમોગુણી વ્યક્તિના વિચારોના પ્રતીક છે.

નાગલોકમાં વસતા નાગ એ ભારતના ચક્રવર્તિ રાજાઓના પ્રતીક છે. નાગલોકમાં જે વિષ રહેલું છે તે વાસનાનું પ્રતીક છે. નાગલોકના નાગ પોતાની ઓળખ શાસ્ત્રકાર, સ્મૃતિકાર, પુરાણકરના પ્રતિબિંબ તરીકે આપે છે. (પાના નંબર, ૪૪૮) આમ આ નાગ એ આપણા વેદાંતીઓના પ્રતીક પણ કહી શકાય. ચંદ્ર તેમનો પરિચય આપતા કહે છે કે, 'આર્યદેશના ખરા અને સનાતન મુકુટધર રાજાઓ તો આ નાગલોક જ છે.' (પાના નંબર, ૪૫૦) આમ આ નાગલોક વિવિધ બાબતને પ્રતિબિંબિત કરે છે.

આ સ્વપ્ન આદર્શના પરિપાક સ્વરૂપે છે. શરૂઆતમાં જ કહ્યું તેમ આ સ્વપ્ન સરસ્વતીચંદ્રના સ્વપ્ન કરતા વિશેષ સર્જકનું સ્વપ્ન છે. સર્જક સરસ્વતીચંદ્રને ભારતના ઉત્કર્ષનું દર્શન કરાવવા ઇચ્છતા હતા. જે આ સ્વપ્ન દ્વારા નિષ્પન્ન થાય છે. વિજયરાય વૈદ્ય એટલે જ 'સરસ્વતીચંદ્ર' વિશે નોંધતા લખે છે કે, 'પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિ કથા કહે છે.' આ સ્વપ્ન સરસ્વતીચંદ્રના પાત્રને એક આદર્શની કોટીએ મૂકી આપે છે અને કુમુદના  પાત્રને વાસ્તવનું રૂપ આપવામાં ઉપકારક બને છે.

સ્વપ્નમાં ચંદ્ર અને કુમુદ એક દિવ્યલોકમાં વિહાર કરે છે જે વાસ્તવમાં શક્ય નહોતું. જો આ વાસ્તવમાં દર્શાવવામાં આવે તો આ ઘટના ચમત્કારમાં ખપી જાત. આથી કથાને વાસ્તવિક બનાવવા સ્વપ્નની પ્રયુક્તિ અહિ કારગર નીવડે છે. સમયના પરિમાણનો યોગ્ય અને મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો છે. એક જ રાત્રીમાં ચંદ્ર અને કુમુદ દેવલોકની યાત્રા કરીને ભારતના વાસ્તવ સમયની સાથે અશોકના, ભીષ્મના, અર્જુનના સમયના પણ દર્શન કરી આવ છે.

આ સ્વપ્ન સામે ઘણા પ્રશ્નો મનમાં ઉદ્ભવે છે. જેમાં એક મહત્ત્વનો પ્રશ્ન એ કે કોઈ વ્યક્તિને આટલું મોટું સ્વપ્ન આવવું મનોવૈજ્ઞાનિક દષ્ટિએ છે ખરું?. વળી આ સ્વપ્નમાં લાંબા લાંબા સંવાદોના ખડકલાં છે. સ્વપ્નમાં સંવાદો ટુંકા અને નહીંવત હોય છે. આથી અહિ રજૂ થતા સ્વપ્નો

મનોવિજ્ઞાનની એરણ પર ખરાં ઉતરી શકે તેવી સંભાવના ઓછી છે. આ પ્રકરણોમાં આવતા સ્વપ્નમાં પ્રથમ આવેલ સ્વપ્ન મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો પર થોડું ઘણું પાર પડી પણ જાય. પરંતુ બીજા સ્વપ્નમાં રજૂ થતા સંવાદો અને તેમાં રહેલ ચિંતન, દર્શનતત્ત્વના ભારને કારણે સ્વપ્ન પ્રયુક્તિનો અંચળો છતો થઇ જાય છે. આમ કહી શકાય કે પ્રથમના મુકાબલે બીજો ભાગ વસ્તુસંકલનમાં ઓગળ્યો નથી.

આમ 'સરસ્વતીચંદ્ર'માં નિરુપાયેલ સ્વપ્ન આરંભના તબક્કામાં હોઈ ટેક્નિકની રીતે શિથિલ બને છે. તેના કલ્પનો, પ્રતીકો સર્જક પોતે જ ખોલી આપે છે. 'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગ સુધી પહોંચતા સર્જકે જે કહેવા ધારલું હતું તે સગળું કહી દીધું છે. આથી ચૈતસિક વિસ્તાર કથાને કંટાળાજનક બનાવે છે. આ ચોથા ભાગમાં રજૂ થતા બંને સ્વપ્નમાં જમીન આસમાનનું અંતર છે. પ્રથમ સ્વપ્ન વાસ્તવિક ધરા પર રચાયું છે જ્યારે બીજું સ્વપ્ન આદર્શના અતિરેકનું પરિણામ છે. આવું થવા પાછળના કારણોમાં એક કારણ એ પણ ગણાવી શકાય કે આ નવલકથા ધારાવાહિક સ્વરૂપે પ્રગટ થતી હતી. આથી આ બંને સ્વપ્નાઓનું અંતર સામાજિક પ્રતિઘોષને લીધે પણ હોઈ શકે. પ્રથમ સ્વપ્નમાં સર્જક ચંદ્ર અને કુમુદને મેળવવા ઇચ્છે છે એ જાણી લોકો છળી ઉઠ્યા હોય. એ સમયનો સમાજે પુનઃ વિવાહ અને વિધવા વિવાહ સામે આક્રોશ વ્યક્ત કર્યો હોઇ શકે. આ આક્રોશને સમાવવા સર્જકે તેમના દિવ્યપ્રેમને આદર્શનો અંચળો ઓઢાડી દેશપ્રીતિ તરફ ગતિમાન કર્યા હોઈ શકે. આ સ્વપ્નની એક મર્યાદા તેની લંબાઈ તો છે જ પણ તેમાં સંવાદ અને તે સંવાદમાં રહેલ ચિંતન તત્ત્વનો ભાર પણ છે. આ સ્વપ્નમાં રહેલ ચિંતન અને દર્શન સ્વપ્નને વાસ્તવિક રહેવા દેતું નથી જેને કારણે સર્જકે વાપરેલ પ્રયુક્તિ છતી થઇ જાય છે.

અમુક મર્યાદાઓને બાદ કરતા શરૂઆતના તબક્કે 'સરસ્વતીચંદ્ર'માં નિરુપાયેલું સ્વપ્ન તેના ધાર્યા નિશાન સુધી પહોંચવામાં સફળ રહે છે.

નોંધઃ તમામ અવતરણો ત્રિપાઠી ગોવર્ધનરામ, *સરસ્વતીચંદ્ર (ભાગ ૪)*, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, સત્તાવીસમી આવૃત્તિઃ૨૦૦૭ના પુનર્મુદ્રણ ૨૦૧૩માંથી લેવામાં આવ્યાં છે.

## ❖ ૨.૨ 'સાચાં સમણાં' : સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

ગુજરાતી સાહિત્ય સાથે થોડો પણ ઘરોબો ધરાવનાર વ્યક્તિને પન્નાલાલ પટેલનું નામ જાણીતું લાગે એમાં કોઈ નવાઈ નથી. ઉમાશંકર જોશી(૧૯૬૭) પછી ૧૯૮૫માં ગુજરાતી સાહિત્યમાં જ્ઞાનપીઠ મેળવનાર તેઓ બીજા સર્જક છે. 'માનવીની ભવાઈ', 'મળેલા જીવ', 'વળામણાં' વગેરે જેવી નવલકથાથી તેઓ સાહિત્ય જગતમાં ખૂબ પ્રસિદ્ધિ પામ્યા છે. તેમનો જન્મ ૭ મે ૧૯૧૨ના રોજ રાજસ્થાનમાં આવેલા ડુંગરપુર જિલ્લાના માંડલી ગામે પિતા નાનાલાલ અને માતા હીરાબાને ત્યાં થયો હતો. માતા-પિતા મૂળે ખેડૂત હતા પણ 'રામાયણ', 'મહાભારત' અને 'ઓખાહરણ' જેવા ધાર્મિક પુસ્તકોનું સતત વાંચન કરતા હોવાથી ગામમાં નાનાલાલને સૌ કોઈ નાના ભગત તરીકે ઓળખતા. ચાર ભાઇ-બહેનોમાં પન્નાલાલ સૌથી મોટા હતા. નાની ઉંમરે પિતાજીની છત્રછાયા તેમણે ગુમાવી હતી. જેના લીધે ઘરમાં આર્થિક તંગી પણ રહેતી. ગામડાની ધૂળી નિશાળમાં ભણવા ગયા પણ તેમનું ચિત્ત ત્યાં લાગ્યું જ નહીં આથી સાધુ જયશંકરાનંદ પાસે રહીને મેઘરજમાં સ્વશિક્ષણ લીધું. પછીથી અંગ્રેજી માધ્યમમાં ચોથા ધોરણ સુધીનો અભ્યાસ પણ કર્યો પણ ઘરની આર્થિક તંગીને લીધે અભ્યાસ છોડવો પડ્યો. સોળ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન છ-સાત વર્ષની છોકરી વાલીબહેન સાથે થયા.

પોતાના જીવન દરમિયાન તેમણે કાપડની દુકાનમાં, દારૂની ભઠ્ઠી પર મેનેજર તરીકે, શણવાળાના ગોડાઉન પર, પાણીની ટાંકી ઉપર, ગૃહખાતાના કારકુન તરીકે, અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીમાં ઓઇલમેન અને પછી મીટર તરીકે પણ કામ કર્યું હતું. અમદાવાદ અને મુંબઈ એમ અનેક જગ્યાએ તેમનું રહેવાનું પણ થયું. ક્ષયની બીમારીના પણ તેઓ ભોગ બન્યા. જિંદગીના છેલ્લા ઘણા વર્ષો અમદાવાદમાં રહ્યા અને આખરે ૬ એપ્રિલ ૧૯૮૯ના રોજ અમદાવાદમાં બ્રેઈન હેમરેજના લીધે તેમનું મૃત્યુ થયું.

તેમણે પોતાના સમગ્ર જીવન દરમિયાન વિપુલ માત્રામાં સાહિત્યસર્જન કર્યું છે. તેની યાદી કરવા જઈએ તો પણ બહુ લાંબી થાય પણ ટૂંકમાં કહેવું હોય તો એકસઠ જેટલી નવલકથાઓ અને છવ્વીસ જેટલા ટૂંકીવાર્તાના સંગ્રહો ઉપરાંત નવેક નાટકો, બાળસાહિત્યની બારેક કૃતિઓ, 'અલપઝલપ' નામે સંસ્મરણો અને ત્રણેક ચિંતનાત્મક ગ્રંથો તેમની પાસેથી ગુજરાતી સાહિત્યને મળ્યાં છે. ૧૯૫૦માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પણ એનાયત કરવામાં આવ્યો હતો. આ

ઉપરાંત 'સાહિત્ય જગતનો ચમત્કાર' અને 'સાહિત્યનું પરમ વિસ્મય' જેવી ઉપમાઓ પણ તેમને મળેલી છે. એ રીતે ગુજરાતી સાહિત્ય હંમેશા તેમનો ઋણી રહેશે.

સમણું શબ્દ ઋજુતા અને રંગદર્શિતા સાથે સંકળાયેલો છે. અહિ આ નવલકથામાં મથુર માટે આ સમણાં તેના અર્થથી વિપરીત મૂંઝારાનું કારણ બને છે. જ્યારે આ કથા પ્રકાશિત થઇ ત્યારે પન્નાલાલે તેને લાંબી ટૂંકીવાર્તા ગણાવી છે, કોઈ વિવેચકે તેને ગુજરાતી સાહિત્યની પ્રથમ લઘુનવલ તરીકે પણ બિરદાવી છે. ૭૬ પાનાની આ સઘન કૃતિને અહિ તેમાં નિરુપાયેલ સ્વપ્નના આધારે પ્રમાણવાનો ઉપક્રમ છે.

મથુર નામનો પચ્ચીસ વર્ષનો ગામડાનો એક સામાન્ય અને ભોળો વ્યક્તિ આ નવલકથાનો નાયક છે. જેના લગ્ન રતન નામની એક ઘરરખું સ્ત્રી સાથે થયા છે. રતન મથુરથી ઉમરમાં પાંચ વર્ષ મોટી હોય છે. તેના આ સુખી લગ્ન જીવનથી તેમને એક દીકરો અને એક દીકરી છે.

કથાની શરૂઆત થાય છે મથુરના હરખથી. કોદરા વેંચીને મળેલા પૈસાથી પોતાની પત્ની માટે મથુર સાત તોલા સોનાનો ટૂંપિયો ખરીદે છે. આ ટૂંપિયો ખરીદવા મથુર તેના કોદરા વેચે છે. મથુર આ ટૂંપિયાનો હરખ કરવા ગામ લોકોને નોતરે છે. મથુરનો હરખ જોઈ ગામ લોકો ટીખળ કરે છે કે, ક્યાંક વિવા તો નથી માંડ્યા ને ? આ મજાક વધુ ને વધુ આગળ વધે છે. કોઈ મથુરની સ્થિતિની તો કોઈ તેના કુળમાં લખાયેલ બે બૈરાંની પરંપરાની વાત કરે છે. આ મશ્કરી સાંભળી મથુરની પત્નીનું મોઢું પડી જાય છે. પત્ની કોદરા વેચતી વખતે ક્ષણભર સહમત થતી નથી. પણ સારા ભાવ પછી નહિ મળે એટલે અંતે કોદરા વેચવા હા ભણે છે.

રતનનું હીણું મન જોઈ ઘડીભર મથુર ટૂંપિયો લેવાનો વિચાર માંડી વાળે છે અને શેઠને ના કહેવા જાય છે પરંતુ રસ્તામાં સુખો કસુંબા માટે રોકી લ્યે છે. સુખાના ઘરે ફરી મથુરના પુર્નલગ્ન વિશેની વાત થાય છે. આ વખતે તો મથુરની દૂરની સાળી મણીને જ લૂગડાં પહેરાવી દેવાની મશ્કરી શરૂ થાય છે. આ બધાથી મથુર અકળાય છે અને અફીણ પીધા વિના ત્યાંથી નીકળી જાય છે. અકળાયેલો મથુર શેઠના ઘરે પણ નથી જતો અને ખેતરે ચાલ્યો જાય છે. આખા રસ્તે મથુરને મનમાં ઉચાટ રહે છે કે લોક શરમાતુંય નથી કેવી વાતો કરે છે. અહિ ખેતરમાં તેને વગર અફીણે ઘેન ચડે છે અને ભ્રમણામાં સામે મણી નઝરે ચડે છે. ધીરે ધીરે મથુરના મન પર મણીની છબી કબજો કરી લે છે.

આ તરફ મથુર કસુંબો લીધા વિના ચાલ્યો ગયો હોય છે ત્યારે લખાકાકા મથુરને બદલે સુખાને જ બીજું બૈરું કરવા જણાવે છે અને ત્યાર બાદ ભેગા થયેલા લોકો બીજા બૈરાંના ફાયદા અને જરૂરિયાત વિશે વાતો કરે કરે છે. શેઠ તેમની વાતો સાંભળી ઠપકો આપે છે અને બૈરાંને બદલે ભગવાનનું નામ લેવાનું કહે છે.

મથુર ખેતર તરફ ગયો અને બીજી બાજુ શેઠ પૈસા આપવા અને કાગળ પર અંગુઠો લેવા આવે છે. મથુરની પત્ની મથુરને બોલાવવા માટે મણીને મોકલે છે. અહિ ખેતરે મથુર મણીના જ વિચારોમાં ખોવાયેલો હોય છે. ત્યાં મણી તેને કાંકરો મારે છે. મથુર સમજી નથી શકતો કે આ સ્વપ્ન છે કે વાસ્તવ. તેને એમ જ લાગે છે કે સ્વપ્નમાં મણી તેની સામે ઉભી છે. મણી જ્યારે કહે છે કે ઘરે બોલાવે છે ત્યારે તેનો ડર પ્રગટ થાય છે કે ત્યાં બધા ભેગા થઈને લૂગડાં પહેરાવી દે તો? મણી આ બધી બાબતમાં કશું સમજી શકતી નથી અને ઘરે આવવું હોય તો આવો તેમ કહી ચાલી જાય છે.

આ ઘટના પછી મથુરની મનઃસ્થિતિ બદલાય છે. દરેક બાબતથી તે દૂર ભાગતો રહે છે. વળી વળીને લોકો તેને બીજા બૈરાં માટે મશ્કરી કર્યા કરે છે. સુખો પણ ટૂંપિયો જોતી વખતે એક ભરવાડના છોકરાંનું ઉદાહરણ આપી કહે છે કે આ ટૂંપિયો તો આવી ગયો હવે લગ્નમાં થોડી જ સામગ્રી બાકી છે. આમ કહી દરેક બાબતમાં લોકો મથુર માટે બીજા બૈરાંની વાત જોડી દે છે. ઘરની ચોપાડમાં બધાં બૈરાં હરખથી ટૂંપિયો જોતા હોય છે અને ગળામાં પહેરીને પણ જુએ છે. મણી પણ ટૂંપિયો ગળામાં પહેરીને જુએ છે ત્યારે લોકોની મશ્કરીથી છંછેડાઈ મણી ટૂંપિયો મથુરના હાથમાં પકડાવી ચાલી જાય છે.

મથુરને પણ પોતાની પત્ની પહેલા કોઈ આ ટૂંપિયો પહેરે તે અપશકુન લાગે છે. મથુર મણી સામે ઘુરકીને જોઈ રહે છે. તેની આવી સ્થિતિ જોઈ રતનને લાગે છે કે અફીણનો નશો હશે એટલે તેને છાંડિયાનું પાણી પાઈને કોઢમાં સુવડાવે છે. પણ મથુર જ જાણતો હતો કે તેને શું થયું છે. લોકોની મશ્કરી ને સુખા સાથે મણીનું નામ જોડાતા રતનને થાય છે કે મણી તેના સાસરે ચાલી જાય તે જ યોગ્ય છે આથી મણિના સાસરે કહેણ મોકલી દે છે, કે મણીને તેડી જાઓ. મણી ચાલી જશે એ જાણી મથુર નિરાંત અનુભવે છે.

રતનના કહેવડાવવાથી મણીનો જેઠ તેને લેવા આવે છે ત્યારે ઘડીભર મથુર વિચારે છે કે બિચારીએ ઘરનું આટલું બધું કામ કર્યું છે તો એકાદ જોડ લૂગડાં તો દેવા જ જોઈએ. પણ મથુર જો પત્નીને આ વાત કહે તો તે શું સમજશે? રતન પતિની આ દ્વિધા સમજી જાય છે અને પોતાના કપડામાંથી એક નવું જ ક્યારેય ન પહેરેલું કાપડું આપવાનું કહે છે. રતનના કપડાં મણીને આપવા મથુર તૈયાર થતો નથી અને દસ ગાવ ચાલી નદી ઓળંગીને સામે કાંઠે કપડાં લેવા જાય છે. ત્યાં તેના ચહેરાના હાવભાવ જોઈ શેઠ સમજી જાય છે કે મથુર તેની સાળી માટે કપડાં લેવા આવ્યો છે, તે મશ્કરીમાં પૂછી પણ લે છે કે તારી ઘરવાળીને ખબર તો છે. અંતે શિખામણ પણ આપે છે કે જુવાનીના જોશમાં ઘરના માણસને નો ભૂલતો. ભગવાને બધું દીધું છે. રતનના વખાણ પણ કરે છે. અને જવાનીના જોશમાં કોઈ બીજું બૈરું ન કરવા સમજાવે છે.

શેઠની શિખામણ ગાંઠે બાંધી હિંમત મેળવી મથુર ઘરે આવે છે. પત્ની રતન જે રીતે તેની સંભાળ રાખે છે તે પરથી તેને શેઠની શિખામણ સાચી લાગે છે. બીજે દિવસે મણી મથુરે લાવેલા કપડાં પહેરી જાય છે. તેને જતી જોઈને મથુર શાંતિ અનુભવે છે. મથુરના મનમાં ઉદ્ભવતા આ બધા જ વિચારો માટે મથુર ટૂંપિયાને કારણરૂપ માને છે. આમ, અચાનક ટૂંપિયો યાદ આવતા તેને ચોરીથી બચાવવા ઘરના બળદના ખીલા પાસે દાંટી નિરાંતે સુઈ જાય છે. અહિ ઊંઘમાં ટૂંપિયો મથુર સાથે વાત કરે છે. ટૂંપિયો તેની રામકહાણી મથુરને સંભળાવે છે કે પોતે કેવી કેવી સ્ત્રીઓના ગળે અને હૈયે રહી ચુક્યો છે. આ વાતોમાં મથુરની સ્ત્રી લોલુપતા છતી થાય છે. ટૂંપિયો જે કોઈ સ્ત્રીના અલંકાર તરીકે રહ્યો તેના રૂપના વખાણ કરે છે અને તેમાં વાતવાતમાં બીજું બૈરું કરવાની વાત આવે છે.

ફરી એક રાત્રે મથુરના મૃત પિતા તેના સ્વપ્નમાં આવે છે. તે સ્વપ્નમાં મથુરને કહે છે કે તું લખેલા લેખથી ભાગી શકીશ નહીં વિધાતાના લેખથી પણ તું આગળ છો? તેમ કહી બાપ-દીકરા વચ્ચે આ બીજા લગ્ન બાબતે ચર્ચા થાય છે. મથુરના પિતા તેને બીજું બૈરું કરી લેવા બનતી શિખામણ આપે છે. મથુર આ બધા સપનાઓથી ઝંખવાણો પડી જાય છે. મથુરને સમજાતું નથી કે તેને આવા સ્વપ્ન શા માટે આપે છે. તે મનમાં ને મનમાં વધુ મુંઝાતો જાય છે. આ વાત મથુર કોઈને કહી પણ શકતો નથી.

થોડા દિવસોમાં રતનને ફરી સુવાવડ આવવાની હોય છે ત્યારે ફરી ઘરકામ કરવા માટે મણીને બોલાવવાનું કહે છે ત્યારે મથુર ઘસીને ના પાડી દે છે. મથુર કહે છે કે તે ઘરનું કામ કરી લેશે, વધુ હશે તો પાડોશી કામ લાગશે. રતન જાણે છે કે મથુર કશું જ કામ કરી શકશે નહિ એટલે રતન કામ કરવા માટે મણીને બોલાવી લે છે. મથુર મણીના આવવાથી વધુ મુંઝાવા લાગે છે. તેને લાગે છે નક્કી સપના સાચાં પડશે અને લખેલા લેખ મુજબ જ તેનું બીજું બૈરું થશે. આ બધાથી બચવા તે ઘરથી દુર રહેવા લાગે છે. મણી સાથે વાત પણ કરતો નથી. મોટે ભાગે ઘરે જ નથી આવતો. ત્રણ ટંક ને બદલે બે ટંક જ જમવા આવે છે. આ બધાથી તેનું શરીર સુકાવા લાગે છે. મથુરની સ્થિતિ જોઈ રતન મણીને મથુરનું ધ્યાન રાખવા કહે છે. રતનની શિખામણથી મણી મથુર સાથે હસી હસીને વાત કરીને જમાડે છે. આ બધાથી મથુર વધુ અકળાય છે અને એક દિવસ તો તાસળીનો ઘા કરીને ઘરમાંથી નીકળી જાય છે. રતન આ સમજી નથી શકતી પણ અંતે કંટાળીને એનો ખાટલો ઉભો થાય એટલે મણીને મોકલી દેશે તેમ કહે છે. મથુરના વ્યવહારથી રતનને લાગે છે કે મથુરને કોઈ વળગાળ વળગ્યો છે એટલે દાણા પણ જોવરાવવાનું કહે છે.

એક રાત્રે ખેતરમાં અલગારીની જેમ રખડતા શકરા ભગતને મથુર પોતાનો હાથ દેખાડી પૂછે છે કે, જુઓ મારા નાસીબમાં કેટલા બૈરાં છે. શકરો એક, દોઢ ...કહે છે. મથુર મનમાં ને મનમાં તાણાવાણા ગૂંથે છે. નક્કી એક રતન અને અડધું એટલે મણી. શકરા પાસે પોતાના મનનો હાલ જણાવી મથુર રડી પડે છે.

મથુરને નિદ્રામાં અને તંદ્રામાં મણીના જ વિચારો અને સ્વપ્ન આવ્યા કરે છે. મથુર આ બધી વાત કરવા લખાકાકા પાસે જાય છે. લખાકાકા અને તેમના પત્ની મથુરના બીજા લગ્ન ગોઠવી આપે છે. મણી જવાની હોઈ લખાકાકાની પત્ની એને આગલી રાતે લૂગડાં પેરાવવાનું નક્કી કરી આપે છે. આ રાતે પણ મથુર ગમે તેમ કરી બીજા લગ્ન રોકાઈ જાય તેવા પ્રયત્ન કરે છે. રતન ઊંઘમાંથી ઉઠી તેને અટકાવી લે તેમ મથુર ઈચ્છે છે પણ મથુરના તમામ પ્રયત્ન નિષ્ફળ જાય છે. કોચવાતે હૈયે મથુર જાણે વિધિ સામે હારી જાય છે. મથુર કઠપૂતળી પેઠે બીજા બૈરાં સુધી પહોંચે છે. અંતે મથુરના સમણાં સાચાં પડે છે.

મોટેભાગે સ્વપ્નનું કારણ ભૂતકાળમાં રહેલું હોય છે પરંતુ અહિ સ્વપ્ન ભવિષ્ય દર્શન તરફ દોરી જાય છે. અહિ કથામાં જેને સ્વપ્ન આવે છે તે છે કથાનો નાયક મથુર. આ મથુર બે-પાંચ

તોલા સોનું ખરીદે છે અને તેનો હરખ કરવા આખા ગામને નોતરે છે. નાની એવી મશ્કરી (બીજું બૈરું કરવાની)ને પણ મન પર લઈને વિચારોના ચકડોળે ચડી જાય છે. ગામલોકો દ્વારા વારંવાર એક જ બાબતની મશ્કરી તેના મનમાં પડેલ વર્તુળને વધુ ઘટ્ટ કરે છે. મથુરનું જાગ્રત અને અજાગ્રત મન ઘર્ષણ અનુભવે છે. મથુરના અજાગ્રત મનમાં ક્યાંક મણી પ્રત્યે કુણી લાગણીઓ પડેલી હોય છે જે આ મશ્કરી થતા કોરાય છે અને તેમાં સ્વપ્ન ખાતર પાણીનું કામ કરે છે.

મથુર જ્યારે ટૂંપિયો ખરીદે છે ત્યારે ચા પાણીના કારણથી જ મશ્કરીની શરૂઆત થઈ જાય છે.'કેમ તારા મનથી કે વિવા-વાજન જેવું હોય તો જ ચાપાણી કરે ?'(પાના નં.૭) આના જવાબમાં લખાકાકા જેવા ઠરેલ વ્યક્તિ પણ બોલી ઉઠે છે. 'વિવા-વાજન કરે તોય શોભતું છે; કેમ મથુર, બોલતો નથી? આ બે છોકરાં એ તો રેખાની વાત છે, બાકી એની ઉમ્મર તો આખી પચ્ચીસની.'(પાના નં.૭) આથી આગળ લખાકાકા તો કહે છે કે 'મથુરના કુળમાં ઠેઠથી બે બૈરાં થતાં આવ્યા છે. જુઓ એના બાપને બે બૈરાં હતાં, ખરું? ને એના દાદાનેય બે બૈરાં હતાં,' (પાના નં.૮) અને એક એંશી વર્ષના ઘેડમલદાદાતો બોલ્યા કે 'એના પરદાદાને તોવળી ત્રણ થયા'તાં' (પાના નં.૮) અને બધા જુવાનીયાઓને જોતું હતું ને જડી ગયું તેમ મથુરને કહેવા લાગ્યા 'આ બેઠી મંડળીએ જ લૂગડાં પે'રાવી દઈએ. વિચાર હોય તો ઘરમાં રતનભાભીનેય પૂછી લાવું?'(પાના નં.૮) ગામ લોકો મથુરને વરરાજા કહીને છાપરે ચડાવે છે ત્યારે 'કેટલીક ક્ષણો સુધી તો મથુરને એમ થવા લાગ્યું કે પોતે સાચે સાચ બીજું બૈરું કરી રહ્યો છે ને તેમાં જ ગામ ભેગું થયું છે.' (પાના નં. ૧૨) આ વાત અહિ અટકતી નથી. મથુર સુખાના ઘરે જાય છે ત્યાં પણ આ બે બૈરાંની વાત ફરી નીકળે છે. આ વખતે તો તેની દૂરની સાળી મણીને જ ઘરમાં બેસાડવાનું કહે છે. આ મશ્કરી સાવ સહજ અને સામાન્ય હોય છે પણ મથુર તેનાથી અકળાય છે. તેના મનમાં એક પત્ની હોવા છતાં બીજું બૈરું કરવાની વાત ગળે ઉતરતી નથી. તેનો આ મુંજારો અહિ કથકે સરસ રીતે વર્ણવ્યો છે જુઓ: 'અને વળી પાછો મથુર, આગમાં વચ્ચે ફસાયેલો વાછરડો દામણું તોડીને ભાગે એમ અફીણ પીધા વગર જ ભાગી છૂટ્યો'(પાના નં.૧૩) તેની આ ભાગી છુટવાની ક્રિયાથી તેના મનમાં ચાલી રહેલ સંઘર્ષ છતો થાય છે. આખા રસ્તે પોતાની જાતને સમજાવે છે કે, 'અરે રામ રામ! આપણાથી એવું થાય ? એનું નામ જ નહિ ને!'(પાના નં.૧૪) અહિ મથુરનો મનનો ભાવ કથક પ્રગટ કરે છે કે મથુરે અત્યારથી જ એનું નામ લેવાનું એને વિશે વિચારવાનું બંધ કર્યું. ગામના પુરુષો તો ઠીક સ્ત્રીઓ પણ મણીને મથુર સાથે નાતરું કરી લેવાની મશ્કરી કરે છે. 'એમ કર અલી મણી! અમારા

મથુરભાઈને જ રહી જા એટલે-' (પાના નં.૨૧) આમ વારંવાર બીજું બૈરું અને નાતરું બાબતે ટીખળ ચાલે છે જેની મથુરના મન પર ઊંડી અસર થાય છે. અંતે મથુર શકરા ભગતને હાથ દેખાડીને પણ પૂછી લે છે 'તું મારો હાથ જો શકરાભાઈ. જો તો ખરો એમાં કેટલા બૈરાં લખેલા છે?' (પાના નં.૫૪)

મથુર જેમ જેમ મનને સમજાવે કે મણી વિશે કશું વિચારવાનું નથી તેમ તેમ તેનું મન મણીમાં રત રહેવા લાગ્યું. એક Reverse Psychology છે કે માણસ જેનાથી દુર રહેવાના પ્રયત્ન કરે તે બાબત મનમાં વધુ બળ અને આવેગથી ઉભી થાય. મથુર સાથે પણ આવું જ થાય છે. મણીને લૂગડાં પહેરાવવાની મશ્કરી તેના મન પર અનેક વિચારો જન્માવે છે. મથુર આ વિચારોમાંથી બહાર જ નીકળી શકતો નથી અને એટલે જ જ્યારે મણી તેને બોલાવવા આવે છે ત્યારે સહજ જ બોલી ઉઠે છેઃ 'ને જો પેલા બધા હાથ પકડીને લૂગડાં પે'રવા બેસાડી દેશે તો?'(પાના નં.૧૭) આ વાત કહેવા પછી તે જાગ્રત દશામાં આવે છે અને કથક કહે છે તેમ તેનું ચસકેલું મગજ ઠેકાણે આવે છે. તેની મનની સ્થિતિ વધુ વિકટ થતી જાય છે. આ પછી તો મથુર પોતે જ પોતાનાથી ડરવા લાગ્યો. ગભરાવા લાગ્યો. તેને એમ લાગે છે કે કોઈ ભૂત પ્રેત કે ડાકણ આ કરાવી રહ્યું છે. અહિ તેનું ભોળપણ અને અંધશ્રદ્ધા તેના બબળાટ દ્વારા છતી થાય છે.

શરૂઆતમાં જ્યારે મણીએ ટૂંપિયો પહેર્યો એ મથુરને નહોતું ગમ્યું. પોતાના ઘરનાં બૈરાં પહેલા કોઈ ભળતું બૈરું પહેરે તેમાં મથુરને અપશુકન જેવું લાગે છે. મણીને સાસરે પાછી મોકલવાની વાત જાણી મથુર ખુશ પણ થાય છે.'મથુરને પણ મણી જાય એમાં નિરાંત લાગી, સલામતી દેખાઈ,' (પાના નં.૨૩) પણ બીજી તરફ તેના માટે કપડાં વહોરવા જતી વખતેનો ભાવ કંઈક અલગ સ્થિતિ દર્શાવે છે. આખા રસ્તે કેવા કપડાં લેવા તેના જ વિચાર કરે છે. મથુર એક અલગ કલ્પનાની દુનિયામાં સરી પડે છે જ્યાં મણી પ્રત્યેનો તેનો છૂપો ભાવ પ્રગટ થાય છે.'તાજા ફૂટેલા સાગરના સોટા સરખી મણીના યૌવન મસ્ત દેહ પર એ જાતજાતનાં કપડાં પહેરાવી રહ્યો હતો.' (પાના નં.૨૬-૨૭)આગળ તો રીતસરનો મણીના રૂપના વખાણ કરતો વિચારે છે કે 'આતો મુઈ રૂપાળી છે કે નર્યા વેદરકા(લીરા) પે'રાવો તો ય-'(પાના નં.૨૭) દુકાને પહોંચીને પણ કપડાંઓની થપ્પી જોઈ ચકડોળે ચડે છે. આ તેનો ઉલ્લાસ શા માટે? મણી જાય છે તે માટે કે પછી મણી માટે કપડાં વહોરવા આવ્યો છે એ માટે? એ પ્રશ્ન થઈ આવે. તેનો આ ઉલ્લાસ અને ઉચાટ

શેઠ પણ પારખી જાય છે. આમ તેનું વર્તન કહી બતાવે છે કે હવે મથુર થોડો થોડો મણી તરફ ઢળી રહ્યો છે. આ બાબતે મથુર સાવ અજાણ તો નથી જ કેમ કે જ્યારે શેઠ તેને શિખામણ આપે છે ત્યારે તે કોઈઆના કાની કરતો નથી. ઉલટાનો વિચાર કરે છે કે 'શેઠને કેમ ગમ પડી કે હું કોઈ રૂપાળી પર મોહી પડ્યો છું...'(પાના નં. ૩૧) અને આ થનાર વાતમાં તે મણીની જ કલ્પના કરતો હોય છે. શકરો જ્યારે તેનો હાથ જોઇને મથુરના નસીબમાં કેટલા બૈરાં છે તેના વિશે કહે છે તે વખતે હજુએક ...દોઢ એમ કહે ત્યાં તો મથુર કુદી પડે છે.'આ તારી ભાભી છે એ આખી, ને થવાની છે એ અડધી!'(પાના નં.૫૬) મથુરના મનમાં હવે મણી તરફનો જુકાવ સ્પષ્ટ થાય છે. તે માત્ર લેખ અને વિધાતાનો આશરો લે છે.

મથુર મણી પ્રત્યેનો પોતાનો ભાવ સ્વીકારતો નથી તેને બદલે આ બધું વિધાતાના લેખ જ કરાવે છે તેમ માને છે. આ વાતથી મથુર હવે પોતાની જાતથી જ ડરવા લાગે છે અને જાત સાથે સંવાદ કરે છે. "માન ન માન મથુર, પણ મને તો લાગે છે તે તારા બાપદાદાની પેઠે તારા કરમમાંય 'બે બૈરાં' લખાયલાં છે!" (પાના નં.૩૧) ઘરે આવીને પોતાની પત્ની જે રીતે સેવા ચાકરી કરે છે તેનાથી પોતાની જાત પ્રત્યે જ ધુત્કાર જન્મે છે. "મથુર! શેઠ સાચું જ કે'તા'તા કે પે'રનાર ઓઢનારતો ઘણાં મળશે પણ 'એની' પેઠે જીવ બાળનાર તો કોઈ નઈ મળે હોં." (પાના નં. ૩૨) તે સંપૂર્ણ પણે અચાનક પત્ની તરફ ઢળી જાય છે અને પોતાની જાતને જ ઠપકો આપે છે.'ફટ્ટ ગોઝારા... સોનાપાતર પડતું મેલીને ઠીકરામાં મન મોયું? જાહ રે જાહ અવતાર બગડી જાત હો!' (પાના નં. ૩૩) મથુરના મન પર ભલે સામ્રાજ્ય તેની પત્નીનું હોય પણ મથુરની જાણ બહાર ક્યાંક મન મણી તરફ ઢળવા લાગે છે. મણીને પોતાના લાવેલા લૂગડાં પહેરીને જતા જોઈ તેનું મન પાછું ધુમરાવા લાગે છે. એક તરફ ખુશી છે તો બીજી તરફ મોહ. આ સંઘર્ષ અને મનની સ્થિતિ માટે કથક કહે છે મણીને જતા જોઈ મથુર ખુશ થાય છે અને વિચારે છે કે કોઈ અનર્થથી બચી ગયો અને મનમાં જ બબડે છે. 'કોણ જાણે મારું બેટું શું છે એ આંખોમાં કે બસ જોતામાં જ જાણે નાવડું ડૂલ!'(પાના નં.૩૩) આ વાક્યોમાં મથુરની મનની સ્થિતિ પ્રગટ થઈ જાય છે.

મથુરની નિરાંત જાઝો સમય રહેતી નથી. મથુરની પત્ની રતન બીજી સુવાવડ વખતે ફરી મણીને તેડાવવાની વાત કરે છે ત્યારે મથુર ઘસીને ના જ કહી દે છે. તેની ચીડ અને ગુસ્સો પત્ની સમજી નથી શકતી અંતે મથુર ચેતવણી આપે છે કે'તું જાણે ત્યારે, મારે શું! પછી મારો વાંક- આવ

પાણા, પગ પર પડ એવું હાથે કરીને તું જ.'(પાના નં. ૪૩)આ અધૂરું વાક્ય મથુરની મનઃસ્થિતિનો પૂરો ચિતાર આપી દે છે. બાકી રહેતી વાત કથક કહી દે છે કે 'મથુરની દુનિયા, સૂર્ય આસપાસ નહિ પણ મણીની આસપાસ દિનરાત ફરી રહી છે?...' (પાના નં. ૪૩) આ બધું જે કંઈ થઈ રહ્યું છે તેની પાછળ મથુર વિધિના લેખને જ નિમિત્ત મને છે. ગામડા ગામનો ભોળો મથુર તેના મનના દ્વંદ્વને સમજી શકતો નથી.મન સાથે સંઘર્ષમાં ઉતરે છે અને ડરમાં ને ડરમાં વિચારે છે કે"આ વખતે જો એ પરોણી મટીને ધણીયાણી ન થાય તો યાદ કરજે કે મથુર શું કે'તો' તો !..." (પાના નં. ૪૩) આ વાતો તેના મનમાં ચાલે છે પરંતુ તે કોઈને કહી શકતો નથી. પત્નીને કહે તો તે ઉલટું સમજી ઝગડો જ માંડી બેસે.

મથુરની નારાજગી છતાં રતન મણીને તેડાવે છે તેથી મથુર વધુ રીસે ચડે છે. ખાવાનું પણ ઓછું કરી દે છે. મણી સાથે ખપપુરતી જ વાત કરે છે. મથુર જાણે પોતાની જાતને મણીથી દુર રાખવાના બધા પ્રયત્ન કરી લે છે. તેના આ વર્તનને રતન શરમ સમજે છે અને મણીને ઠપકો આપે છે. મણી મથુર સાથે વધુ પ્રેમથી વર્તવા જાય છે, ત્યારે તો મથુર વધુ ચિડાઈ તાંસળીનો ઘા કરીને ચાલ્યો જાય છે.'તારી બુનને કે'વું હોય તો કહી દે કે મારાથી ચાળા ન કરે તો ઠીક... કહું છું, પછી મારો જેવો કોઈ ભૂંડો નથી.-'(પાના નં.૪૭) આમ મથુર પોતાની જાતને બને તેટલી મણીથી દુર રાખવાના પ્રયત્નો કરી દમનની નીતિ અપનાવે છે.

શકરા ભગત સાથે વાત કરતી વખતે તેના શબ્દોમાં પીડા દેખાઈ આવે છે. 'અરે ભગવાન! કોણ જાણે કે મને આ શું થઈ ગયું છે! નથી ખાવું ઊકલતું! નથી પીવું ઊકલતું! અરે રે પરભુ, કશાનો ઉકેલ જ નથી જડતો... કોણ જાણે શું થાવા બેઠું છે!...'(પાના નં. ૫૩)આ સંવાદ મથુર પોતાની જાત સાથે કરે છે. આ સંવાદ મથુરના મનને ખોલી આપે છે. શકરા ભગતનું ભજન સાંભળી ઘડીભર બધુંજ છોડી સન્યાસ લેવાનું વિચારે છે.'બેસી જાવ શકરાની જોડમાં મંજીરાં લઈને. બે બૈરાં ને લખ્યાલેખ બધું ય પડે ઊંડા ધરામાં!-'(પાના નં.૫૩) અહિ મથુરના મનમાં લખ્યા લેખ બાબત ઘર કરી ગઈ હોય એવું લાગે છે. મથુર આ બે બૈરાં ન થાય એ માટે સન્યાસી થવા માંગે છે એટલે કે મથુર એક તરફ ગામલોકોની વાતોથી મનમાં મુંજાય છે તો બીજી તરફ આ લેખને કેમ ટાળી શકાય તે વિશે પણ વિચાર કર્યા કરે છે. મથુરની વાત સાંભળી શકરો ભગત મથુર વિશે જે ધારે છે તેના પરથી મથુરનું વ્યક્તિત્વ સામે આવે છે. 'એ સારી પેઠે જાણતો હતો કે

મથુરમાં- અરે, જુઠું બોલવા જેટલી પણ હિંમત ન હતી, પછી બનાવટ કરવાની તો વાત જ ક્યાં રહી! ઉપરાંત પાણીમાં જે પ્રતિબિંબ દેખાય તેમ મથુરની વાણીમાંથી સચ્ચાઈનું પ્રતિબિંબ પૂરેપૂરું પરખાઈ આવતું હતું.'(પાના નં.૫૫)આ કથન મથુરના સ્વભાવનું પ્રતિબિંબ બની રહે છે. મણીને લૂગડાં પહેરાવવાનું નક્કી કર્યા પછી પણ મથુરનું મન કોચવાયા કરે છે. તે પોતાની જાત સાથે જ સંવાદ કરે છે. 'શું સાચે જ હું બીજું બૈરું કરું છું? … હાસ્તો ! હવે શું ?… ને હું કઈ શોખનું ઓછું કરું છું ? વિધાતા જ મારી પાછળ હાથ ધોઈને પડી છે… શું કરું!..'(પાના નં.૬૭) જાણે તે પોતે કશું જ કરતો નથી માત્ર વિધાતા તેના મારફત આ બધુંકરાવે છે. આમ મથુર પોતાના મનને મનાવે છે. બીજી તરફ પોતે જાણે કોઈનું ખૂન કરીને આવ્યો હોય એટલો પશ્ચાતાપ પણ અનુભવે છે. તેનું મન વારંવાર વિચારને વંટોળે ચડી જાય છે. અગાઉ જેમ સાધુ થવાનો વિચાર આવે છે તેમ ફરી ક્યાંક ભાગી જવાનો પણ મથુરને વિચાર આવે છે. પત્નીને બધું કહી દેવાનો પણ વિચાર આવે છે. પણ આમાંનું તે કશું જ કરી શકતો નથી. ધાર્યું થાય છે તેના અજાગ્રત મનમાં પડેલ વાસનાનું. આ બધું નક્કી થવા છતાં તેને આંનદ નથી થતો પણ એ કંપી ઉઠે છે. અત્યાર સુધી છેલછબીલી લાગતી મણી તેને ડાકણ લાગવા લાગે છે. તેનું મન તેને આ બીજાંબૈરાંની રઢ મૂકી દેવા સમજાવે છે. રાતે લૂગડાં ફેરવવાની વિધિ વખતે પણ તેનું મન સંઘર્ષ અનુભવે છે.'એક તરફ પત્નીના જાગી જવાનો ડર હતો, ઓ બીજી બાજુ એ જાગી જાય એમ પણ ઇચ્છી રહ્યો હતો.' (પાનાં નં.૭૬) મથુર તેના મનના બે વિચાર બિંદુમાંઆમથી તેમ ઝોલા ખાય છે. પત્ની જાગતી નથી એટલે તેને જ આ કર્મમાં દોષિત માની અંતે લાચાર હોય તેમ કોઈનો દોરવાતો લખાકાકાના ઘરે પહોંચે છે. અહિ તેને સમણાં સાચાં પડવાનો ભારોભાર અણગમો અને પશ્ચાતાપ થાય છે.

મથુર જે બાબત તેની જાગ્રત અવસ્થામાં સ્વીકારી શકતો નથી. તે બાબત તેના સંઘર્ષસાથે સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે. અહિ મથુરને આવતા સ્વપ્નોના અનેક કારણો ગણાવી શકાય. પ્રથમ તો ગામલોકો દ્વારા થતી મશ્કરી. જેને આપણે સામાજિક કારણ કહી શકીએ. બીજું તેનું મન જે મણી તરફ ઢળે છે. તે યુવાન મણીના યૌવન તરફ ઢળે છે. જેને મનોવૈજ્ઞાનિક કારણ કહીએ. ત્રીજું અલૌકિકશક્તિ. મથુર જે વિચારે છે તેમ આ તો વિધિના લેખ છે. વિધાતા જ બધું કરાવે છે. આ વિધાતાના લેખ સાચાં પડાવવા માટે એક પ્રેરક એટલે મથુરને આવતા આ સ્વપ્નાઓ.

મણીના ગયા પછી ટૂંપિયાને જમીનમાં દાટી નિરાંતે સુતેલ મથુરને સ્વપ્નમાં ટૂંપિયો ઢંઢોળીને જગાડે છે.ટૂંપિયો કહે છે કે તે આમ જમીનમાં દટાઈ રહેવા નથી આવ્યો. ટૂંપિયો કેવી કેવી ભાગ્યશાળી સ્ત્રી પાસે રહીને આવ્યો છે એની વાત કરે છે. ટૂંપિયો એક બ્રાહ્મણને ત્યાં એની રૂપાળી વહુ પાસે હતો. આ વાતના જવાબમાં મથુર કહે છે કે તેમને તો મેં વૃદ્ધ થયે જોયા છે. તો ટૂંપિયો કહે છે કે મેં તો તેમની જોવનાઈ જોઈ છે. મથુર ટૂંપિયાને તે આ બ્રાહ્મણ પહેલા ઠાકોરને ત્યાં હતો તેની વાત કરવા કહે છે. ટૂંપિયો ઠકરાણાના રૂપ રંગની ખુશામત કરે છે. ઠકરાણાના રૂપ વિશે સાંભળી મથુર કહી બેસે છે આ મણી જેવી જ કોને? અહિ મથુર અનેટૂંપિયા વચ્ચે મણી બાબતે વડછડ થાય છે. મથુર ટૂંપિયાને કહે છે કે તું મને ચીડવવા આવ્યો છે એમને. ટૂંપિયો મથુરને વધુ ચીડવવા ઠકરાણા વિશે માંડીને વાત કરે છે. 'એ ઠકરાણાંનો ચોટલો જોયો હોય તો- તને તો એમ જ લાગે, આવો સુંવાળો જો હસ્ત મળે તો અહો દન-રાત તો બસ કોસ જ હાંક્યા કરું. ને એના ગાલ તો એવા મથુર! કે બચી કરવાની તો વાત જ રે'વા દે પણ એક ફૂંક મારે તોય ગાલો પર ગલ પડે. જ્યારે એની છાતી તો'-...જવા દે એ વાત જ મથુર! તારા કરમમાં એવા રૂપ જોવાને નથી પછી માણવાને તો હોય ક્યાંથી ?'(પાના નં. ૩૭)

મથુર ચિડાઈને મણીના વખાણ કરવા લાગે છે.'લે બેસ બેસ હવે, આ મણીનેય નાનપણમાંથી તારીપેલી ઠકરાણીની પેઠે ઊછરવા મળ્યું હોત તો એનાય માથાની થાત. ને અમારે ખેડૂત લોકોને ફૂંક મારતાં ગલ પડે એવાં રૂપ કામનાં ય શાં? અહીં તો બટકું ભરતાંય ચમલિયું ન પડે એવી ધણીયાણીનું કામ સમજ્યો?'(પાના નં.૩૭)ટૂંપિયો ફરી તેની મશ્કરી કરે છે ને હસતાંહસતાં કહે છે 'અરે મૂરખ, પણ તારે તો બચકું ભરવા જતાં હાડકાં વાગે એવું બૈરું છે.' (પાના નં.૩૮) આ વાત સાંભળી મથુર તેની પત્નીના વખાણ કરવા લાગે છે અને સ્વગત બબડે છે'અરે દુનિયા! અરે દુનિયા! એ બિચારી જાણે કે હું ટૂંપિયો વો'રિશ તો વિવા-વાજનમાં પે'રવા કામ આવશે, ત્યારે આ તો ઊલટો એ બિચારીનું ગળું જ કાપવા બેઠો છે!' (પાના નં.૩૮) ત્યાં ટૂંપિયો કહે છે કે એને એટલો જ હરખ હોય મને પહેરવાનો તો આમ ખાડામાં ન ધરબી દેત. 'એ તો તું લઇ બેઠો છે બાકી એને તો હવે કશાયનો શોખ નથી. એને તો એ ભલી, એના છોકરાં ભલાં ને કામ ભલું!'(પાના નં.૩૮)અને અચાનક ટૂંપિયો મથુરને વધુ એક બૈરું કરવા આડકતરી રીતે કહે છે. તેના જવાબમાં મથુર ઠાવકી વાત કરતા કહે છે કે'પણ ગમે તેમ તો ય શોક્ય કે'વાય ! બૈરું, ભરજોવનાઈનો રંડાપો વેઠે પણ ઘડપણમાં શોક્ય ન વેઠે.... જેમ હું રૂપ માણવાની મરજીને ને

જોવનાઈ રમાડવાના ઓરતાને મનમાં જ ધરબી રાખું છું તેમ તુંય પેલા ખૂંટા આગળ ધરબાઈ રે.' (પાના નં. ૩૮)

થોડીવારમાં મથુરને કૂકડાની બાંગ સંભળાય છે. ટૂંપિયો ગીત ગાતા ગાતા અદશ્ય થાય છે. હવે મથુરને મણી દેખાય છે. મથુર ઊંઘમાં જ મણીને પકડવા જાય છે અને જાગી જાય છે. સુતા પહેલા મથુર ટૂંપિયાના વિચારમાં તેની ચિંતામાં હોય છે એટલે તેને આ ટૂંપિયો સ્વપ્નમાં આવે તે સ્વભાવિક છે. અહીં સોનું એટલે મોહ -ધનનો અને સ્ત્રીનો પણ. આ ટૂંપિયા દ્વારા મથુરના મનનો મોહ અને વાસના પ્રગટ થાય છે. આ ટૂંપિયો મથુરના મનમાં પડેલ વાસનાનો જ પડઘો બને છે. મથુર ટૂંપિયા પાસે ઠકરાણાના રૂપ વિશે જાણવા માંગે છે. અહિ મથુરની સ્ત્રી લોલુપતા પ્રગટ થાય છે.'પડદામાં રહેતી ઠકરાણીઓમાંથી કોઈને કદી નહોતી જોઈ. ને તેથી એ વણદીઠું રૂપ સાંભળવા જાણે તલસી રહ્યો.'(પાના નં.૩૬)આ કથનમાં મથુરના મનમાં રહેલ સ્ત્રીઓ પ્રત્યેની વાસના છતી થાય છે. ટૂંપિયા સાથેના વિવાદમાં તે જે રીતે મણીની તરફદારી કરે છે તેના પરથી લાગે છે કે મથુર મણી પ્રત્યે આકર્ષાયો છે. બીજી બાજુ ટૂંપિયોજ્યારે મથુરની પત્નીને અપખોડે છે ત્યારે મથુર તેનો પક્ષ લઈ આજ દિન સુધી રતને કરેલ તેની સેવા યાદ કરે છે. અહિ લાગે છે કે, મથુર જાણે મણી અને તેની પત્ની વચ્ચે અટવાયો છે. મથુરની નૈતિકતા અને રતન પ્રત્યેનો અહોભાવ પોતાને બીજું બૈરું ન કરવા કારણ આપે છે. તો મણીની યુવાની તેને આકર્ષે છે.

મથુરની પત્ની તેનાથી ઉમરમાં પાંચ વર્ષ મોટી છે. વળી ઘરસંસારની પળોજણ અને બે સંતાનની માતા થયા બાદ એ લગ્ન સમયનું આકર્ષણ પણ ગુમાવી બેઠી છે. રતન ઘરગ્રહસ્તીમાં એટલી ગુંચવાઈ ગઈ છે કે તેને પતિ માટે તૈયાર થવાની ફુરસદ નથી કે જરૂર પણ જણાતી નથી. આ કારણે પણ પુરુષનું અન્ય સ્ત્રી પ્રત્યે આકર્ષણ શક્ય બને છે. મણી તરફ આકર્ષણ અને રતન પ્રત્યેની જવાબદારીની સભાનતા આ સ્વપ્નમાં પ્રગટ થાય છે.

ફરી એકવાર રાત્રે મથુરને તેના મૃત પિતા સપનામાં આવે છે. મથુરના પિતા તેને શિખામણ અને ઠપકો આપતા કહે છે કે,'તું તો અલ્યા વિધાતા કરતાંય વધારે ડાહ્યો લાગે છે મથુરિયા! ....કેમ તે એમ? તું જાણે તો છે કે આપણી ત્રણ પેઢીથી બબ્બે બૈરાં થતાં આવ્યા છે. હું તો વળી એવો હતો કે સાત ગરણે ગાળીને પાણી પીતો પણ શું કરવું? ઘણું ય જાણતા'તા કે બે બૈરાં એટલે જીવતાનું નરક પણ શું કરીએ ! કાંઈ વિધાતા આગળ ના પડાય છે?... માટે લાખ વાતની એક વાતઃ જેનાથી

જીવ લાગ્યો છે એ અમથો નથી લાગ્યો. એ તો ગાંડા! લખ્યાં લેખ છે, માટે મનમાં મનમાં બળ્યા વગર મારું કહ્યું માનીને મણીને લૂગડાં પે'રાવી જ દે. નઈ પે'રાવે તો એ તો જવા બેઠી છે તે ક્યાંક ને ક્યાંક જશે ને પછી તારે કોક ઝોડને ઘરમાં ઘાલવું પડશે. કારણકે તું આઘો જઈશ પાછો જઈશ પણ બે બૈરાં આપણા લલાટમાં લખાયેલાં જ છે' (પાના નં.૪૦) મથુર પિતાને કહે છે કે ક્યાં બહાને બીજું બૈરું કરું ભગવાનનું દીધું બધું જ છે. મથુરના પિતા દલાનું ઉદાહરણ આપી કહે છે કે, ખેતરના કામમાં ઘરનું મનેખ મળી રહેશે. એમ કહી હસતા હસતા તેના પિતા ચાલ્યા જાય છે અને અહિ મથુરનું બીજું સ્વપ્ન પણ પૂર્ણ થાય છે.અહિ મથુરના મનનું સમાધાન કરવા પિતા આવ્યા હોય એમ લાગે છે. મથુર જ કહે છે કે 'શા બહાને હું બીજું બૈરું કરું?'(પાના નં.૪૧) અહિ તેના મનનો ભાવ છતો થાય છે કે તેને યોગ્ય કારણ નથી જડતું. મણીને જો મથુર ઘરમાં ન બેસાડે તો તે કોઈ બીજાનું ઘર માંડવાની જ છે એ મથુરનો ડર પર પિતા દ્વારા અહિ વ્યક્ત થાય છે. મથુરના વિચારો અને બીજા બૈરાંની વાતને વધુ મજબુત કરવા પિતાને ઉભા કરી તેમની પાસે જ ટેકો મેળવી લીધો.

આ બંને સ્વપ્ન કથામાં થોડાં વિસ્તારથી રજૂ થાય છે. પરંતુ એ સિવાય મથુરને આવા સ્વપ્ન તો હવે રોજે રોજ આવે છે અને તેને પીડે છે. આ કથન જુઓ:"જ્યારે રાતે મથુરના મગજમાં ધમાલ મચી રહેવા માંડી. કોઈ વાર સુખાના સ્વાંગમાં તો કોઈ વાર ખુદ મણીના લેબાસમાં; કોઈ વાર મૃત માતાનું 'ભૂત' આવતું તો કોઈ વાર ખુદ પત્ની જ દિલાસો દેતી ને શિખામણ આપતી ખડી થતી. તો વળી આવી બાબતમાં પંકાયેલા પેલા ભાંગ્યાના ભેરુ લખાકાકા તો હનુમાનની જેમ જાણે હાજરાહજૂર જ રહેતા" (પાના નં.૪૩-૪૪) આમ રોજ અલગ અલગ લોકો મથુરના સ્વપ્નમાં તેને બીજું બૈરું કરી લેવા સમજાવે છે. 'અલ્યા! લખ્યાલેખ રાજા રામનાય નથી ટળ્યા, તો પછી તું તે ક્યા ઝાડની મૂરાડી, મથુર! ને હવે તો હેંડી ચાલીને ઘેર આવી છે. ઘરમાંથી આભડછેટ નીકળે(સુવાવડ ઊઠે) કે તરત જ એક સારો વાર જોઇને પે'રાવી દે લૂગડાં...'(પાના નં. ૪૪) આમ તેના અહમને ભાંગવા અને ઇડને પોસવા ઉત્તેજવા આ સ્વપ્નો એક પછી એક પછેડી ઓઢીને પ્રગટ થયા કરે છે.

આ સિવાય પણ ક્યાંક ક્યાંક કથન અને સંવાદ દ્વારા મથુરના સ્વપ્નનો આછતરો ઉલ્લેખ જોવા મળે છે. મણી રતનની શિખામણ પછી મથુરને અછોવાના કરે છે ત્યારે મથુરની સ્થિતિના

વર્ણન વખતે પણ તેના સ્વપ્નની વાતો મથુરના અંતઃમન દ્વારા પ્રગટે છે.'આવા લાડીલા ને ટીખળભર્યા, સ્નેહભીના ને મસ્તીભર્યા શબ્દો જ નહિ પણ હાથ, હોઠ અને આંખના અભિનયે, મણીને રવાડે ચઢેલા પેલા ઘેલા હૈયાના શા શા હાલહવાલ કરવા માંડ્યા, શાં શાં સ્વપ્નો ને કેવી કેવી કલ્પનાઓ ઊઠવા માંડી, એ તો એક મથુર જ જાણે છે;'(પાના નં. ૪૬) અહિ મથુરના સ્વપ્નનું કારણ અને ઉત્તેજન જાણવા મળે છે. મણીથી તે જેટલું દુર રહેવાના પ્રયત્ન કરે છે સંજોગ તેને વધુ નજીક લાવે છે. મણીનું વર્તન તેને મોહપાસમાં જકડતું જાય છે. મણી તેની કલ્પન સૃષ્ટી અને સ્વપ્ન સૃષ્ટીમાં પ્રવેશતી જાય છે.

મથુરના મનમાં સ્વપ્નમંચ પર રોજ નવાનવા વેશ ભજવાતા રહે છે. મથુરના મોઢે તેના આ સ્વપ્નોની વાત સાંભળી શકરો ભગત પણ વિચારવા લાગે છે'અરે રામ રામ! માનવીના મનનાય કોણ જાણે કેટલા કોઠા છે ? ને એમાંય પાછા કેટલાય ખરા ને કોણ જાણે કેટલા ખોટા ? આ સમણાંની વાતેય પેલાં ભૂત-પલીત જેવી જ લાગે છે, કોણ જાણે કે શું આવે ને શું જાય? ક્યાંથી પેદા થઈ ક્યાં સમાઈ જાય. મારા સમ...' (પાના નં.૫૮)અહિ ગામડાના કોઠા ડાયા માણસને મુખે માનવીના અતલ મનની વાત રજૂ થાય છે. શકરા ભગત પાસેથી આવ્યા પછી મથુર ક્ષણિક વૈરાગ્યમાં ગરકાવ થઇ જાય છે અને એજ દશામાં તેને સ્વપ્ન આવે છે જેમાં મથુર પોતે જાણે ભેખધારી ભરથરી બની ગયો છે. તેના હાથમાં ચીપીયો અને ભિક્ષાપાત્ર છે અને સામે સોનાનો ટૂંપિયો પહેરીને રૂપરૂપની અવતાર સમી મણી હોય છે. મણીને જોઇને જ મથુર ગાય છે 'ભિક્ષા દે ને રે મૈયા પિંગળા!' પણ મથુરની પિંગળાનું જે વર્ણન અહિ થયું છે તેના દ્વારા તો કોઈ પણ સાધુનું તપ ભંગ થઈ જાય.

મથુરની પિંગળા તો શોક, રુદન કે પશ્ચાતાપ કરવાને બદલે તિરછાં નયનમાંથી કામણનાં તીર છોડે છે ને કાલા કાલા બોલ બોલે છેઃ 'ઓ મારા હૈયાના હાર... મારા કાળજાની કોર... આંખની કીકી! હું જાણું છું કે તમારે મારા આ દિલની ભિક્ષા જોઈએ છે. ને એય જાણું છું કે તમારી જૂની વહુની બીકે આ જટાળાના વેશમાં મને મળવા આવ્યા છો. નથી જોવા રહ્યા અધરાત કે મધરાત, આવો મારા સ્વામીનાથ!' (પાના નં. ૫૯) અહિ મથુરનો ભરથરીનો વેશ લોપ થઇ જાય છે અને તેને સ્થાને મોરપીંછ વાળો મુરલીધર બની જાય છે. મણી રાધા અને મથુર કાન સ્વરૂપે જુમી રહે છે. ફેરફૂદડી ફરી ફરી ને ચક્કર ખાઈને પડે છે ત્યાં મથુરનું સ્વપ્ન પૂર્ણ થાય છે. મથુર

શકરાભગત પાસે જઈ વિચાર કરતો હોય કે આના કરતા તો વૈરાગ્ય લઈ લવ પછી લખ્યા લેખ અને બૈરાંની વાત જ ન રહે. એ બાબત તેના મનમાં ઘરે આવે છે ત્યાં સુધી ઘુમરાયા કરે છે. એટલે જ પોતાને સ્વપ્નમાં ભરથરી તરીકે વૈરાગ્ય લેતો જૂએ છે. આ તેનો વૈરાગ્ય ક્ષણિક જ છે તે સ્વપ્નના બીજા ભાગ દ્વારા ખબર પડે છે. મણીની મોહિની તેને ખેંચી જાય છે અને તેનું વૈરાગ્ય તૂટી જાય છે. સ્વપ્નમાં મણીના સંવાદ દ્વારા ખબર પડે છે કે મથુર તેની પત્નીના ડરને કારણે જ બીજા બૈરાંની વાતને સ્વીકારતો નથી.

આ સ્વપ્ન સિવાય કથામાં ક્યાંક ભ્રમ અને દિવાસ્વપ્નો મથુરના કલ્પના લોકમાંથી ઉતરી આવે છે. કથાની શરૂઆતમાં જ બધાની મશ્કરીથી કંટાળીને ખેતર તરફ ચાલ્યા ગયેલ મથુરને દિવાસ્વપ્નમાં મણી જ દેખાવા લાગે છે કેમ કે અત્યાર સુધી લોકો દ્વારા તેના વિશે જ વાત થતી હોય છે અને મથુરના મગજ પર પણ મણી ઘુમવા લાગે છે. જે વિચારમાંથી ભ્રમ બની દિવાસ્વપ્નમાં પ્રગટ થાય છે. 'આ સાથે જ મથુરની નજર સામે અઢાર વર્ષની અલબેલી મણી દેખાઈ રહી. પીળા પોમચામાં એ ગોળમટોળ મોં એવું લાગતું જાણે તળાવનાં ભૂખરાં નીરમાં કોઈ કમળ જોઈ લ્યો! એમાંય પેલી અણીયાળી આંખોમાંનાં તોફાન તો- મથુરથી બોલી જ પડાયું:'ગમે એમ પણ એની આંખો તો મારકણી! રાતદિન ભભૂતમાં આળોટનારો જોગીય એની પાછળ ડૂલ થઈ જાય...ને આ પછી તો મારકણી આંખોવાળી જાણે માછલી બનીને આ મથુરના અંતરમાં- અરે રગેરગમાં ભમી રહી-રમી રહી.' (પાના નં. ૪) અહિ મથુરના મનમાં મણીના રૂપે ઉભી કરેલ છબી સામે આવે છે. મથુર મણીના રૂપથી તેના તરફ આકર્ષાયો છે તે વાત અહિ સ્પષ્ટ થાય છે. મથુર આકર્ષાયો છે એ વાત તે પોતે માનવા તૈયાર નથી અને લોકો આ વાત જાણે એ પણ પોતે ઇચ્છતો નથી.

મથુરને બોલાવવા જ્યારે મણી આવે છે અને તેને જગાડવા કાંકરી મારે છે ત્યારે પણ મથુરનું કલ્પના જગત જાગી ઉઠે છે.'આ સાથે જ તંદ્રાનું-કલ્પનાનું પેલું મેઘધનુ જાણે ઝણઝણી ઊઠ્યું.' (પાના નં. ૧૬) આ કથન મથુર તંદ્રામાં હોવાની વાતને પુષ્ટિ આપે છે. મણીને જ્યારે તેના જેઠ તેડવા આવે છે ત્યારે તેના માટે જોડ લૂગડાં લેવા જતા મથુરને આખા રસ્તે મણીના જ વિચાર આવે છે. મથુરનું મગજ તો મણીના જ વિચારમાં ગૂલતાન રહે છે. મણીને કેવા લૂગડાં સારા લાગશે ને કેવા નઈ એ માટે 'તાજા ફૂટેલા સાગરના સોટા સરખી મણીના યૌવનમસ્ત દેહ પર એ

જાતજાતનાંકપડાં પહેરાવી રહ્યો હતો. ઊદો પોમચો, તો પીળો, જામ્બા રંગનો સાડલો, તો વળી ટીલડી ભારતનું ગવન! જ્યારે ઘાઘરા-કાપડાની કલ્પનાએ તો એને આનંદની અવધી સમા સ્વર્ગમાં જ વિહાર કરતો કરી મૂક્યો.'(પાના નં.૨૬-૨૭) અહિ મથુરના મનમાં એમ કે આખા અવતારમાં યાદ રાખે એવા લૂગડાં વહોરવા. પણ પ્રશ્ન થાય કે આવું શા માટે? એ સવાલના જવાબમાં મથુરની મનની ચાવી રહેલ છે. હવે મથુર પૂરી રીતે તેના મોહમાં સપડાઈ ચુક્યો છે.

'સાચાંસમણાં'ની કથા સમાજીક અને મનોવૈજ્ઞાનિક બન્ને પરિવેશને સાથે લઈને ચાલે છે. અહિ મથુર શરૂઆતમાં મણીથી દુર રહેવાનો પ્રયત્ન કરે છે અને પોતાની જાતને સમજાવે છે ત્યાં દમન અને અસ્વીકારની બચાવપ્રયુક્તિ વપરાય છે. આગળ જ્યારે મણી તરફ તે ઢળવા લાગે છે ત્યાએ તે વિધિના લેખને દોશ આપે છે. તેના સપનાઓનું આળ પણ ક્યાંક વળગાળ કે વિધાતા માથે ચડાવે છે. આમ, અહિ મથુર પોતાની ઇચ્છાઓનું પ્રક્ષેપણ કરે છે. રતનની માયા અને તેનો સ્નેહ મથુરમાં પશ્ચાતાપ જન્માવે છે. મણી ગમતી હોવા છતાં દૂર રહેવાના પ્રયત્ન કરે છે. અહિ તેના આ વલણમાંRegressionની બચાવપ્રયુક્તિ જોઈ શકાય છે. આ બધી બચાવ પ્રયુક્તિમાં દમન ભળે છે. મથુર મનમાં જ મુંજાય છે. તેના મનની વાત કોઈને પણ કહી શકતો નથી એટલે આ વિચારો, સંઘર્ષો, લાગણીઓ સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થાય છે.

અહિ રજૂ થયેલ સ્વપ્નો સાવ સરળ છે. આમ જોઈએ તો આ સ્વપ્નો એક સાંકળનું કાર્ય કરે છે. કથાનું શીર્ષક જ છે 'સાચાંસમણાં'. આ સમણાં મથુરના to be or not to beથી શરૂ થાય છે અને કૃષ્ણલીલાએ પૂર્ણ થાય છે. એકની એક બાબતનું વારંવાર પુનરાવર્તન તેનેદઢ બનાવે છે. ગામ લોકો દ્વારા બીજા બૈરાંની મશ્કરીથી પ્રથમ સ્વપ્નનું વમળ રચાય છે. આ સ્વપ્નમાં મથુર તેની પત્ની રતન અને મણી વચ્ચે ઝોલા ખાય છે તે કોઈ નિર્ણય કરી શકતો નથી. બીજા સ્વપ્નમાં પોતાના પિતાનો આશરો લઈ મણી પ્રત્યેના ભાવને સહમતી આપે છે. આ પછીના સ્વપ્નોમાં તેના પ્રથમ સ્વપ્નના વમળને વિસ્તારે છે. અંતિમ સ્વપ્નમાં મથુરનો ભરથરી તરીકેનો બનાવટી ભેખ ઉતરી જાય છે. આમ એક દાદરની જેમ સમણાંઓ ઉપર ચડતા જાય છે અને એક રેખા કંડારે છે.

આ સ્વપ્નો ભલે સરળ હોય પરંતુ તેમાં નાટ્યાત્મકતા અને ચિત્રાત્મકતા ભરપુર રહેલી છે. પ્રથમ સ્વપ્ન તો આખું મથુર અને ટૂંપિયા વચ્ચે સંવાદમાં જ પૂરું થાય છે. બીજા સ્વપ્નમાં પણ મથુર અને તેના પિતા સંવાદ કરતા જણાઈ આવે છે. આમ તો સ્વપ્નમાં સંવાદ ઓછાં અને દશ્યો વધુ

હોય છે. કથક સંવાદ કહેતા કહેતા આસપાસની સૃષ્ટિનું વર્ણન કરવાનું કદાચ ચુકી ગયા છે. ત્રીજા સ્વપ્નમાં થોડું વર્ણન જોઈ શકાય છે. આ વર્ણન વાચક સમક્ષ એક ચિત્ર ઊભું કરવા ઉપયોગી બને છે. "પોતે(મથુર) ગયે ઉનાળે જોયેલી રામલીલાનાં પેલા ભેખધારીભરથરીના વેશે એક હાથમાં બાર-પંદર શેરનો ચીપિયો ને બીજા હાથમાં ભિક્ષા-પાતર. સોનાના પેલા ટૂંપિયામાં શોભતી રૂપરૂપના અવતાર સમી મણી આગળ ખડો થઈ લલકારે છે. 'ભિક્ષા દે ને મૈયા પિંગળા!'"(પાના નં.૫૯) આગળ મથુર ભરથરીમાંથી કૃષ્ણ થઇ જાય છે ત્યાં કથક કહે છે કે 'બનાવટી ભરથુહરિ' આ શબ્દ પ્રયોગ વ્યંજના જન્માવે છે. આગળ મથુર કેવી રીતે ભરથરીમાંથી કૃષ્ણ બને છે તે વર્ણનમાં અલંકારનો ઉપયોગ કરી એક ગતિશીલ ચિત્ર રચે છે. 'લોખંડના પૂતળાને પારસનો સ્પર્શ થતાં જેમ સોનાનું બની જાય તેમ જટાળા જોગીને ઠેકાણે મોરપીંછાના મુગટમાં શોભતો છેલછબીલો મુરલીધર બની રહે છે. ટૂંપિયામાં શોભતી અલબેલી રાધાના માખણ સરખા સુંવાળા હાથ હાથમાં લે છે.' (પાના નં.૫૯) અહિ મણીની સરખામણી પરિવર્તન કરનાર ચીજવસ્તુ સાથે થઇ છે. મથુર જે બધી બાબતથી ભાગતો હતો એ મણીના રૂપ અને યૌવનના સ્પર્શથી પીગળી જાય છે.

અહિ કથામાં રજૂ થતા પ્રથમ બંને સ્વપ્ન કરતા ત્રીજા સ્વપ્નમાં કલાત્મકતા જોઈ શકાય છે. અહિ સ્વપ્નની ભાષા ભાગ્યે જ પ્રતીકાત્મક રહી છે. સરળ સ્વપ્નોને રજૂ કરવા ભાષા પણ સરળ જ રહી છે. મથુરના સમણાંસાચાં પાડવામાં જેટલો ભાગ ગામ લોકોની ટીખળે ભજવ્યો છે તેનાથી વધુ ભાગ તો આ સમણાંઓએભજવ્યો છે. આ સ્વપ્નોમાં ચમત્કારનું તત્ત્વ પણ જોઈ શકાય છે. મૃત વ્યક્તિનું આવીને વાતો કરવું, નિર્જીવ ટૂંપિયાના સંવાદો અને મથુરનું અચાનક ભરથરીમાથું કૃષ્ણરૂપ ધારણ કરવું ચમત્કારના તત્ત્વને પોશે છે. આમ પણ આ બધી જ બાબતો સ્વપ્નમાં જ શક્ય બની શકે, બાકીતેનું વાસ્તવ સ્વરૂપ બુદ્ધિથી સ્વીકાર્ય બને નહીં. સ્વપ્નની સૃષ્ટિમાં બધું જ શક્ય છે. એ રીતે જોઈએ તો વસ્તુસંકલનાને આ બધી જ બાબતો વધુ મજબૂત બનાવે છે.

આ સ્વપ્નો સર્વજ્ઞ કથનના કથન કેન્દ્ર દ્વારા કહેવામાં આવ્યા છે. કથક મથુરના પિતાનું એક સ્વપ્ન વર્ણવી બાકી બધા તેવા વ્યક્તિ સંવાદના સ્વપ્નને એક જ પેરેગ્રાફમાં કહી દે છે તેના વિશે જો વિસ્તારથી વાત થાત તો આ સ્વપ્નોની સાંકળમાં બીજા અંકોડાઓ પણ ઉમેરાત. જેનાથી મથુરના પાત્રને હજુ વધુ સમજી શકાત. જે રજૂ થયા એ સ્વપ્નો પણ મથુરના સંકુલ મનને સમજવા મદદરૂપ થાય છે.

સ્વતંત્રતા પૂર્વેની આ બન્ને નવલકથામાં 'સરસ્વતીચંદ્ર'માં સ્વપ્નપ્રયુક્તિનો વિનિયોગ ભવિષ્ય કથન અને ચિંતન અર્થે થયો છે. જ્યારે 'સાચાં સમણાં'માં પન્નાલાલ પટેલ મનોવૈજ્ઞાનિક વાતાવરણ ઊભું કરવા સ્વપ્ન પ્રયુક્તિનો સુંદર રીતે ઉપયોગ કરે છે. 'સરસ્વતીચંદ્ર' ચાર ભાગમાં વહેંચાયેલ બૃહદ્ નવલકથા છે. તો 'સાચાં સમણાં' ૮૦ પાનાની સઘન કથા છે. ગોવર્ધનરામ સ્વપ્નની મનોવૈજ્ઞાનિક ભૂમિકા જાણે છે. પણ કથામાં તેનો મનોવૈજ્ઞાનિક વિનિયોગ કરી શક્યા નથી. 'સરસ્વતીચંદ્ર'માં રજૂ થયેલ સ્વપ્ન ખૂબ જ લાંબા અને સંવાદના ભારવાળા છે. તેને મુકાબલે 'સાચાં સમણાં'માં રજૂ થયેલ સ્વપ્ન સાવ સરળ છે. તેમાં પ્રતીક કલ્પનની કોઈ ચમત્કારિક સૃષ્ટિ નથી.

સ્વતંત્રતા પછી નવલકથાના કેન્દ્રમાં માણસ આવે છે. તેના મનના આકાર વિકાર રજૂ થતા મનોવૈજ્ઞાનિક વાતાવરણ કથામાં પ્રવેશે છે. સુરેશ જોશીનું આગમન એ ગાળાના સર્જકોને નવલકથામાં રહેલ સ્થૂળત ઘટનાને ઓગાળી તેના સ્થાને સુક્ષ્મ સંવેદન આલેખવા દિશાનિર્દેશ પુરું પાડે છે. આ મથામણમાંથી અનેક રચના પ્રયુક્તિઓ બહાર આવે છે. જેમાંની એક એટલે સ્વપ્નપ્રયુક્તિ. હવે પછીના પ્રકરણોમાં આ આધુનિક સમયની પસંદગીની નવલકથામાં આ સ્વપ્નપ્રયુક્તિ કેવી રીતે કાર્ય કરે છે તે તપાસવાનો આશય રહ્યો છે.

(નોંધઃ તમામ અવતરણો પન્નાલાલ પટેલ, સાચાં સમણાં, સાધના પ્રકાશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૧૯૭૮માંથી.)